Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૫ મું. આત્મ સં. ૫૨ સંવત ૨૦૦૩.

અંક ૧ લો. શ્રાવણ : ઑગષ્ટ

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

—: શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર :—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ પર્યુષણ પર્વ આરાધો. ... ... ... લે૦ મુનિમહારાજશ્રી લક્ષ્મીસાગરજી ૧
૨ નૂતન વર્ષનું મંગળમય વિધાન. ... ... ... લે૦ શ્રી ફતેચંદ જવેરભાઇ ૨
૩ શ્રી સિદ્ધસેનસૂરિજીકૃત. (બત્રીશ બત્રીશીઓ) ... આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ૯
૪ માનવ દેહ ઉત્તમ કેમ? ... ... ... આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ૧૧
૫ યોગમીમાંસા. ... ... ... ... સં. મુનિ પુણ્યવિજયજી (સંવિગ્નપાક્ષિક) ૧૭
૬ શ્રી મહાવીર જિન સ્તવન ... ... ... મુનિમહારાજશ્રી દક્ષવિજયજી મહારાજ ૧૮
૭ ધર્મ કૌશલ્ય ... ... ... ... ... ... ... મૌક્તિક ૧૯
૮ જ્ઞાનગીતા શતક ... ... ... ... ... અમરચંદ માવજી શાહ ૨૩
૯ વર્તમાન સમાચાર...(સત્કાર સમારંભ) ... ... ... ... સભા ૨૪


## આ માસમાં નવા થયેલા માનવંતા સભાસદો.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શ્રીયુત્ ઓધવજીભાઇ ધનજીભાઇ શાહ B.A.LL.B. સોલીસીટર | | પેટ્રન | મુંબઇ |
| ૨ | મહેતા કાન્તિલાલ રીખવચંદ વેલચંદ | (૧) | લાઇફમેમ્બર | પાલણપુર |
| ૩ | શાહ તલકચંદ રવચંદ | (૧) | ,, | અમદાવાદ |
| ૪ | શાહ ચીમનલાલ દેવચદ | (૧) | ,, | ,, |
| ૫ | શ્રી હંસવિજયજી જૈન પાઠશાળા હા. સેક્રેટરી ચીમનલાલ ચત્રભુજ | (૧) | ,, | ધંધુકા |
| ૬ | શ્રી ભક્તિવિજય જૈન લાયબ્રેરી સેક્રેટરી કેશવલાલ કરમચંદ | (૧) | ,, | સાલડી |
| ૭ | શેઠ ધીરજલાલ લાડકચંદ | (૧) | ,, | બોટાદ |
| ૮ | મહેતા ચુનીલાલ ઝવેરચંદ (ચલાલાવાળા) | (૧) | ,, | ઘાટકોપર |
| ૯ | શાહ જસવંતરાય કેશવલાલ | (૧) | ,, | ભાવનગર |
| ૧૦ | શાહ હિરાલાલ જમનાદાસ | (૧) | ,, | ,, |
| ૧૧ | શાહ કાન્તિલાલ છગનલાલ રાણપુરવાલા | (૧) | ,, | ,, |
| ૧૨ | વકીલ ભાઇચંદ અમરચંદ B.A.LL.B. | (૨) | ,, | ,, |

## હવે પછી નવા થનારા લાઇફમેમ્બર બંધુઓને નમ્ર સૂચના

સભાના ધારા પ્રમાણે રૂા. ૧૦૧) આપી બીજા શ્રાવણ વદી ૩૦ સુધી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો થનારને હાલમાં અપાતા શ્રી સંઘપતિ ચરિત્ર તથા શ્રી મહાવીર યુગની મહાદેવીઓ (દશ રૂપીઆની કિંમત) ભેટ આપવામાં આવશે. પછી ગમે તેટલી કિંમતના દરેક છપાતાં ગ્રંથો ધારા પ્રમાણે ભેટ મળશે.

## ૧. બીજા વર્ગના લાઇફ મેમ્બરોને નમ્ર સુચના.

હજી સુધી જે બંધુઓ રૂા. ૫૦) બીજા ભરી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થયા નથી, તેઓ પણ વિચાર કરી તેમ કરી શકે તે માટે અષાડ વદી ૩૦ ને બદલે બીજા શ્રાવણ વદી ૩૦ સુધીમાં રૂા. ૫૦) વધારે આપી પ્રથમ વર્ગમાં દાખલ થશે તેઓને પણ આ બંન્ને ગ્રંથોની ભેટનો લાભ ફ્રી મળી શકશે. વિશેષ બંધુઓ લાભ લઇ શકે તે માટે સભાએ મુદત વધારી છે; જેથી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઇ ફ્રી ભેટનો લાભ લેવા નમ્ર સુચના છે.

## સૂચના.

અધિક માસનું માસિક પ્રગટ થતું નથી અને દર વર્ષના શ્રાવણ માસથી વર્ષ શરૂ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

469

## અમારા નવા થયેલા માનવંતા પેટ્રન સાહેબ.

# રા. રા. શ્રીયુત્ ઓધવજીભાઈ ધનજીભાઈ શાહ

બી. એ. એલ. એલ. બી. સોલીસીટર.

ભાવનગર હાલ મુંબઈ.

રાજેશ્રી ઓધવજીભાઇ મૂળ ભાવનગરના વતની છે. તેઓ સ્વભાવે સરલ, માયાળુ અને મિલનસાર છે. લઘુવયથી જ ધર્મપ્રેમી હોવાથી ધાર્મિક શિક્ષણ (કર્મગ્રંથ સુધી)નું પ્રાપ્ત કર્યું હતું. ઉચ્ચ કેળવણી ઉપર પ્રથમથી પ્રેમ હોવાથી સામાન્ય સ્થિતિ હોવા છતાં, ક્રમે ક્રમે કોલેજનું ઉચ્ચ શિક્ષણ લઇ બી. એ. એલ. એલ. બી., સોલીસીટરની પરીક્ષા ઉંચે નંબરે પસાર કરી, ધારાશાસ્ત્રી તરીકે મુંબઇમાં લગભગ પચ્ચીસ વર્ષથી (પ્રેકટીસ) ધંધો કરી, એક બાહોશ સોલીસીટર તરીકે પ્રખ્યાતિ મેળવી પોતાના ધંધામાં સારી પ્રગતિ કરી રહેલ છે. કીર્ત્તિ કે વાહવાહ કહેવરાવવાથી તેઓ સદા દૂર રહે છે. જૈન સમાજનું એક છુપું રત્ન છે. જૈન સમાજમાં આવા કેટલાએ વિદ્વાનો હજી અપ્રગટ રહેલ હશે. શ્રી ઓધવજીભાઈ કેળવણીપ્રિય હોવાથી પોતાના સુપુત્ર ભાઈ ચંદ્રકાન્તને ઉચ્ચ કેળવણી આપેલ છે, જે હાલમાં બી. કોમ. ની ઉંચે નંબરે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે.

આ સભા ઉપર શ્રી ઓધવજીભાઇનો ઘણા વર્ષો થયા પ્રેમ હોઇ, પચીશ વર્ષથી તેઓ સભામાં લાઇફ મેમ્બર થયેલા છે. સભાની કાર્યવાહી, પ્રગતિ, વહીવટ, વ્યવસાય અને ઉચ્ચ કક્ષાના સાહિત્ય પ્રકાશનો જોઇ અમારી વિનંતિને માન આપી, વગર આનાકાનીએ સરલ રીતે આ સભાનું માનવંતું પેટ્રન પદ સ્વીકાર્યું છે, તે માટે આભાર માનવામાં આવે છે.

સભાના ધારા ધોરણ પ્રમાણે તેઓશ્રીનો ફોટો અને જીવનપરિચય આત્માનંદ પ્રકાશમાં મૂકવા માટે આગ્રહપૂર્વક માંગ્યા છતાં, તેઓએ કોઈ રીતે કબુલ કર્યું જ નહિં, એ જ એમની સાદાઈ અને નિરાભિમાનીપણું બતાવે છે. માત્ર ઉપલક દૃષ્ટિએ જેટલું જણાયેલ છે તેટલો જ આ પરિચય આપવામાં આવ્યો છે.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૩. | શ્રાવણ | પુસ્તક ૪૫ મું. |
| વિક્રમ સં. ૨૦૦૩. | :: ઇ. સ. ૧૯૪૭ સપ્ટેમ્બર :: | અંક ૧ લો. |


## પર્યુષણાપર્વ આરાધો

( રાગ—આ તો લાખેણી આંગી સોહાય )

આ તો **પર્યુષણાપર્વ** ઉજવાય. શોભે શાસનમાં.
તપ જપ જ્ઞાન ખૂબ થાય. શોભે શાસનમાં. ટેક.
આઠ દિવસ મંગલ સુખકારી
તમે ધર્મ કરો પ્રેમે નર નારી
વીર પ્રભુ ચરિત્ર સુણાય. શોભે શાસનમાં. ૧

કલ્પસૂત્ર ગુરુમુખેથી ભાવે સુણો
દેવ દર્શન આદિ સુખેથી કરો
છટ્ઠ અઠ્ઠમ તપશ્ચર્યા થાય. શોભે શાસનમાં. ૨

કરો શક્તિ પ્રમાણે ઉપવાસ ખરો
દેવ ગુરુ ધર્મની આરાધના કરો
પડવે દિને જન્મ વંચાય. શોભે શાસનમાં. ૩

બારસાસૂત્ર ગુરુમુખેથી પ્રેમે સુણો
શીલવૃત નર નારી ખૂબ પાળો
બ્રહ્મચર્યથી તેજ છવાય. શોભે શાસનમાં. ૪

સંવત્સરી પ્રતિક્રમણ મનનથી કરો
પરસ્પર ખમતખામણા ભાવે લેજો
**લક્ષ્મીસાગર**પર્વ ઉજવાય. શોભે શાસનમાં. ૫

રચયિતા—**મુનિ મહારાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्षनुं मंगलमय विधान.

**कल्याणपादपारामं श्रुतगंगाहिमाचलम् । विश्वांभोजरविं देवं वंदे श्रीज्ञातनंदनम् ॥**

પરિશિષ્ટપર્વ–શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય.

## प्रकाशनो प्रवेश.

**શાસ**નાધિપતિ **ચર**મ તીર્થંકર શ્રી**વર્ધ**-માન પરમાત્માને નમસ્કાર કરી, સ્વ. આ. મ. **શ્રી વિજ**યાનંદસૂરિજી કે જેમનું અપર-નામ શ્રી **આત્મારામજી** મહારાજ હતું અને જેમના ઉભય પવિત્ર નામોને સમ્મિલિત કરી પ્રસ્તુત જૈન **આ**ત્માનંદ સભાનો એકાવન વર્ષ પહેલાં મંગલમય આરંભ થયો હતો તેમને વંદન કરી, જે જૈન ધર્મ સિદ્ધાંત અને ક્રિયાના ઉભય દૃષ્ટિબિંદુઓથી સર્વ ધર્મોમાં શ્રેષ્ઠતા ધરાવે છે એટલું જ નહિ પણ " જિનવરમાં સઘળાં દર્શન છે–દર્શને જિનવર ભજના રે " એ શ્રીમદ્ **આન**ંદઘન-જીના વચનાનુસાર સર્વ ધર્મોનો સમન્વય ( Compromise ) કરી શકે છે અને સર્વ દર્શનોને 'પુરુષના અંગોપાંગ કલ્પીએ' તો જે ધર્મનું સ્થાન મસ્તકરૂપે છે તે જિન ધર્મને પ્રણામ કરી આધ્યાત્મિક સૃષ્ટિમાં ધાર્મિક આત્માના હૃદયોને વિકસિત કરી પ્રકાશ અર્પતું, અસંખ્ય નયોરૂપ કિરણોવડે જૈન દર્શનના ઉચ્ચ તત્ત્વોદ્વારા સ્યાદ્વાદના રહસ્યો અર્પતું, વાસનામય જીવનમાં મધુબિંદુની માફક ઓતપ્રોત થયેલ સંસારી જીવોને સત્કર્મ અને દુષ્કર્મનું ભાન કરાવતું, અદ્યતન સુધારકોના તર્કવાદી ( Rational ) જ્ઞાન કરતાં–**धर्मस्य तत्त्वं निहितं गुहायां** એ સૂત્રને ગંભીરતાથી સમજાવી અહિંસા, તપ અને સંયમના વાસ્તવિક સિદ્ધાંતને સમજાવતું, સકલ સૃષ્ટિના અનંત પદાર્થોમાંથી આત્મા–હુંને શોધી કાઢી તમામ પૌદ્ગલિક પદાર્થોથી હું ભિન્ન છું–અજર છું–અમર છુ એવા ભાનપૂર્વક ઓળખાવતું, બહિરાત્મા અંતરાત્મરૂપ થઇ પરમાત્મપદ સાથે ઐક્ય કેમ મેળવી શકે તેની ચાવી અર્પતું અને પૌદ્ગલિક આનંદોને ક્ષણવિનશ્વર માની આત્મિક આનંદ પ્રકટાવવાની કળાનું શિક્ષણ આપી પુરુષાર્થ-પરાયણ જાગૃતિ અર્પતું **આ**ત્માનંદ પ્રકાશ પત્ર દ્વિતીય શ્રાવણ માસના મંગલમય પ્રભાતે ૪૫ મા વર્ષમાં પ્રવેશ કરે છે.

શ્રાવણ માસ લૌકિક પર્વોથી ભરપૂર હોય છે; તેમાં લોકોત્તર પર્યુષણ પર્વની અષ્ટાહ્નિકાનો પૂર્વાર્ધ પણ આવી જાય છે; મહામંગલકારી કલ્પસૂત્રના શ્રવણનો આરંભ થાય છે. એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીની તમામ જીવસૃષ્ટિ સાથે સાંવત્સરિક પ્રતિક્રમણના 'મિચ્છામિ દુક્કડં'ની પૂર્વભૂમિકા તૈયાર થાય છે; શ્રદ્ધા, જ્ઞાન અને ક્રિયાના સુયોગની જૈન સમાજરૂપ મહાસાગરમાં ભરતી આવે છે. એ આ પવિત્ર માસની વિશિષ્ટતા છે.

## संज्ञा–एक प्रेरणा.

૪૫ની સંજ્ઞા એ જૈનદૃષ્ટિએ ૪+૫ **નવ**-પદજીનું સૂચન કરે છે; આ નવ પદોનું સ્વરૂપ સાત નયોથી જાણીને, હૃદયકમળમાં સ્થાપીને દ્રવ્ય અને ભાવપૂજારૂપ આચરણ તપશ્ચર્યા સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફલિત થાય છે; ૪×૫ **વીશ**સ્થાનક તપનું આરાધન કરવા માનવીને પ્રેરણા આપે છે કેમકે વીશ અથવા તેમાંથી એક પણ પદનું આરાધન મન, વચન, કાયાના યોગાવંચકપણે જો કરવામાં આવે તો તીર્થંકરનામકર્મ ઉપાર્જવા સુધીનું ફળ પરિણમી શકે છે; ૫–૪ આત્મા એક જ છે, પાંચ દ્રવ્યોથી ભિન્ન છે; '**एगोऽहं नत्थि मे कोइ**' એ સૂત્રથી અનિત્યતાનું ભાન, જો આત્મા જાગૃત હોય તો, સમર્પે છે; ૫÷૪ સવાની સંજ્ઞાથી 'સવા વિશ્વાકેરી જીવદયા, નિત્ય પાળું રે' એ શ્રીમદ્ **વીર**વિજયજીના વાક્યથી ગૃહસ્થ વર્ગની ઓછામાં ઓછી સવા વસા દયાની સમજણ આપે છે; અને બીજી રીતે શ્રી ૧ા ની સંજ્ઞાથી નૂતન વર્ષમાં વાંચકોને પ્રસ્તુત પત્ર સવાયો આત્મિક લાભ અર્પવા સૂચના કરે છે–સમગ્ર રીતિએ ૪૫ ની સંજ્ઞા ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામીવિરચિત દ્વાદશાંગીના ઝરણારૂપે પીસ્તાલીશ આગમોરૂપે સૂચવે છે કે, જે આગમો શ્રીદેવર્ધિગણિ ક્ષમાશ્રમણે પૂર્વજન્મના મિત્ર હરિણગમેષી દેવની સહાયથી વલ્લભીપુરમાં પુસ્તકારૂઢ કરાવ્યા હતા. તદુપરાંત ચારની સંજ્ઞા દાન, શીલ, તપ અને ભાવરૂપ જિનધર્મના પાયાઓની સૂચક છે અને પાંચનો આંક પંચપરમેષ્ઠિ કે જે જિનશાસનમાં ભાવ મંગળરૂપ છે, તેનું સૂચન કરે છે.—આ રીતે નૂતન વર્ષની સંજ્ઞા "Books in running brooks and tongues in trees" એ મહાન કવિ શેકસપીઅરના વચનાનુસાર–દુનિયાનો દરેક પદાર્થ જો આત્મા જાગૃત હોય તો સમજણ આપી રહ્યો છે, તેમ પ્રસ્તુત સંજ્ઞા પ્રત્યેક માનવને જાગૃતિ અર્પી શકે છે અને પ્રગતિના પંથે આગળ વધવાની પ્રેરણા આપી રહે છે.

**आत्मानंद अने नयनिक्षेप.**

જૈનદર્શનના સ્યાદ્વાદ માર્ગ અનુસાર પ્રત્યેક પદાર્થમાં સાત નયોનું અને ચાર નિક્ષેપનું અવતરણ થઇ શકે છે. તે રીતે પ્રસંગોપાત્ત આત્માનંદ પ્રકાશને અંગેનું અવતરણ જાણવું યોગ્ય થઈ પડશે. (૧) નૈગમ નયથી સર્વ આત્માઓની ચેતના–પ્રકાશ અક્ષરના અનંતમે ભાગે ખુલ્લી હોય છે, (૨) સંગ્રહ નયથી સર્વ આત્માઓની પ્રકાશ સત્તા અસંખ્ય પ્રદેશરૂપ સમાન છે, (૩) વ્યવહાર નયથી આત્મા સંસારી–મુક્ત–ભવ્ય–અભવ્ય વિગેરે અનેક ભેદોરૂપ ગણાય છે, (૪) ઋજુસૂત્ર નયથી પારિણામિક ભાવથી આત્માનો જે સમયે જે ઉપયોગ હોય જેમકે કષાયાત્મા, યોગાત્મા વિગેરે તે ગણાય છે, (૫) શબ્દ નયથી આત્મા આત્માના આનંદને ઓળખી સ્વપ્રતીતિ પ્રાપ્ત કરે તે સમ્યગ્દર્શન ગુણરૂપ હોય છે, (૬) સમભિરૂઢ નયથી અષ્ટમગુણસ્થાનકથી શ્રેણિમાં વર્તતાં કૈવલ્યરૂપ આત્માનંદ પ્રાપ્ત કરે તે અવસ્થા અને (૭) એવંભૂત નયથી અનંત કાળ પર્યંત આત્મા સર્વ કર્મક્ષયથી અનંત ગુણની પ્રાપ્તિ સાથે આત્માનંદ પ્રાપ્ત કરે તે સિદ્ધાવસ્થા;–નિક્ષેપ સંબંધમાં (૧) આત્માનંદ પ્રકાશ નામ એ નય નિક્ષેપ, (૨) આત્માનંદ પ્રકાશનું પત્ર શરીર તે સ્થાપના નિક્ષેપ, (૩) આત્માના શુભ કે શુદ્ધ ઉપયોગ વગર પત્રનું વાંચન તે દ્રવ્ય નિક્ષેપ અને (૪) આત્માનંદ પ્રકાશ પત્રના ઉપયોગપૂર્વક વાચનથી થતો આત્મિક અનેક ગુણોનો વિકાસ (manifestation),–તે ભાવ નિક્ષેપ. શ્રીમદ્ આનંદઘનજી શ્રી શાંતિનાથજીના સ્તવનમાં કહે છે કે 'સકલ નયવાદે વ્યાપી રહ્યો, તે શિવસાધન સંધિરે'–અર્થાત્ નયો અસંખ્ય હોવા છતાં પ્રત્યેક પદાર્થનું જ્ઞાન સંક્ષિપ્તમાં સાત નયોથી કરવામાં આવતાં વસ્તુસ્વરૂપ સહેલાઇથી સમજાઇ જાય છે. દૃષ્ટાંત તરીકે 'હે પ્રભો! અમોને મોક્ષસુખ આપો' તો પ્રભુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરંજન નિરાકાર હોવાથી મોક્ષસુખ શી રીતે આપી શકે? આ વ્યવહારનયનું સાપેક્ષ વચન હોવાથી સત્ય અને સુનય છે; પરંતુ એવંભૂતનયથી તો જૈન દર્શનાનુસાર જિન-પૂજા, સંઘપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, તપશ્ચર્યા વિગેરે શુભ અનુષ્ઠાનો કરતાં આત્મા શુદ્ધ થતાં બીજનો ચંદ્ર જેમ પૂર્ણિમાએ પૂર્ણતાને પામે છે તેમ એવંભૂતનયથી અપૂર્ણ આત્મા (બહિરાત્મા) અંતરાત્મસ્વરૂપ થઈ પરમાત્મરૂપ પોતે જ બને છે અને સંપૂર્ણ આત્માનંદ સ્વતંત્રપણે પોતામાંથી જ પ્રકટાવે છે.

## વાતાવરણ અને સંક્રાંતિકાળ

અખિલ હિંદુસ્તાનમાં અને ખાસ કરીને ગુજરાત કાઠિયાવાડમાં વરસાદની અલ્પતાથી દુષ્કાળ ડોકિયાં કરી રહ્યો છે; મોંઘવારી પુષ્કળ છે, હિંદુ મુસલમાનના ઝઘડાઓ ચાલુ છે; ખાસ કરીને પંજાબ કલકત્તા બંગાળમાં અનેક મનુષ્યોનો તેમજ માલ મીલ્કતોનો વિનાશ થઇ રહ્યો છે; ઇતિહાસમાં પહેલી જ વખત અખંડ હિંદુસ્તાનના પાકીસ્તાન અને હિંદીસંઘરૂપ બે ભાગલાઓ થઇ ચૂકયા છે; મ. ગાંધીજીના ત્યાગ અને અનેક વર્ષોના પ્રચંડ પ્રયાસ પછી અને બાસઠ વર્ષની કોંગ્રેસની મહેનતના ફળરૂપે સાંસ્થાનિક સ્વરાજ્ય-રૂપ સ્વતંત્રતાની પ્રાપ્તિ થઈ છે; તે માટેનો ભવ્ય ઉત્સવ અખિલ હિંદમાં લોકનેતાઓએ અનેક નિરાશાઓમાં અમર આશાને સન્મુખ રાખી તા. ૧૫મી ઓગસ્ટે ઉજવવાનું નક્કી કર્યું છે; હિંદુસ્તાન ઉપર લગભગ બસો વર્ષથી રાજ્ય કરતી બ્રિટિશ સત્તા વિદાય લે છે. પં. જવાહરલાલ હિંદી સંઘના વડા પ્રધાન બની ચૂકયા છે; પ્રાંતીય ગવર્નરો તરીકે હિંદીઓની નિમણૂકો થઇ ચૂકી છે, સમ્રાટ્ અશોકના પુરાતન સીમાસ્તંભમાંનો ચક્રાંકિત રાષ્ટ્રધ્વજ નૂતન આકારમાં તૈયાર થઇ ગયો છે; પ્રસ્તુત પત્રનું પ્રકાશન દ્વિ. શ્રાવણ માસમાં થશે તે પહેલાં નજીકમાં જ રાષ્ટ્રભરમાં ઘંટનાદો સાથે વ્યાપક ઉત્સવ દીપાવલિના પર્વથી પણ અધિક ઉત્સાહ સાથે ઉજવાઇ ગયો હશે; જો કે રાષ્ટ્રનો દેહ અંદરથી જર્જરિત થઇ ગયો છે; નવયુગની ઉષા કેવળ પ્રકાશ અને સંગીતમય નથી; નૂતન હિંદ ભાગલા પડ્યાથી પાંખ કપાઇ ગયેલ પક્ષી જેવું છે; વર્તમાનમાં ભાવી ઉજ્જવળ અને નિરભ્ર ભાસતું નથી છતાં હિંદુસ્તાનના થયેલ ભાગલાની વિષાદમય હકીકતને ગૌણ કરી ખંડિત થયેલું હિંદુસ્તાન વહેલી તકે ફરીથી અખંડિત થઇ જશે અને હિંદુ મુસ્લીમ એકતા બની જશે તેવી પ્રબળ આશા ધારણ કરી વર્તમાન પરિસ્થિતિને વધાવી લઇ આવતા ભયો ઉપર વિજય મેળવવા લોકનેતાઓએ નિર્ણય કર્યો છે. ચાલો, આપણે તેમને સહુ સાથ આપીએ અને ઇચ્છીએ કે લોકનેતાઓ રચનાત્મક દૃષ્ટિએ નજીકના વર્ષોમાં હિંદી જનતાને શારીરિક, માનસિક, આર્થિક, કેળવણી વિષયક, સામાજિક, આરોગ્ય વિષયક અને ઔદ્યોગિક ઉન્નતિને પંથે મૂકી પોતાનું સ્થાન દીપાવે.

## સંસ્મરણો–

ગત વર્ષમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર (દીક્ષા) અને તપને પુષ્ટિ આપે તેવાં અનેક સત્રો–કાર્યો જૈન સૃષ્ટિમાં થયેલાં છે; પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયલાવણ્યસૂરિજી કે જેઓ વર્તમાનમાં અત્રે ચાતુર્માસ છે તેમના નેતૃત્વ નીચે અત્રે મોટા દેરાસરજીમાં જિનબિંબપ્રવેશનો ઉત્સવ કરવામાં આવ્યો હતો તેમજ સ્વ. સલોત જગજીવન ફુલચંદના આત્મશ્રેયાર્થે તેમના પુત્રો તરફથી અઠ્ઠાઇ મહોત્સવ, શત્રુંજયતીર્થરચના અને શાંતિસ્નાત્ર વિગેરે કરવામાં આવ્યા હતા; શ્રી બબલચંદ કેશવલાલ મોદી કે જેઓ આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સભાના પેટ્રન છે અને જેમણે **વ**સુદેવહિંડી ભાષાંતર ગ્રંથમાં આર્થિક સહાય આપેલી છે, તેમને માનપત્ર આપવાનો મેળાવડો શ્રીયુત **ભો**ગીલાલ **મ**ગનલાલ શેઠના પ્રમુખપદે સભા તરફથી કરવામાં આવ્યો હતો; પૂ૦ આ૦ મ૦ શ્રી **વિ**જયવલ્લભસૂરિજીનો ૭૭ મો જન્મોત્સવ ગુજરાંવાલા શહેરમાં ભવ્ય રીતે ઉજવાયો હતો; આ૦ મ૦ શ્રી **આ**નંદસાગરસૂરિજીના નેતૃત્વ નીચે **સુ**રતમાં તામ્રપત્રમાં કોતરેલ **આગમ**-મંદિરના શિલારોપણનું મુહૂર્ત શેઠ **મા**ણેકલાલ **મ**નસુખભાઇ તરફથી કરવામાં આવ્યું હતું; અખિલભારતીય સ્વયંસેવક પરિષદ્‌નું દ્વિતીય અધિવેશન સિદ્ધક્ષેત્ર–પાલીતાણામાં સેવાપ્રેમી પ્રખ્યાત નરરત્ન **પો**પટલાલ **રા**મચંદ શ્રી પુનાવાળાના પ્રમુખપદે ઉત્સાહપૂર્વક થયું હતું; તેમાં જૈન શ્રાવકોની જાગૃતિ માટે સૂચક ઠરાવો થયા હતા; સમયના પરિવર્તન સાથે સ્વરક્ષણ માટે શરીરબળ, પવિત્ર વિચારો માટે મનોબળ ( Will power ), અને આધ્યાત્મિક શુદ્ધિ માટે આત્મબળ એ ત્રણે બળો જૈનની ઊગતી પ્રજાએ કેળવવા પડશે અને એ રીતે ઊગતી પ્રજાની શિક્ષણ અને ચારિત્રની દોરવણી જૈન સમાજે તૈયાર કરવી પડશે; તિથિચર્ચા વિગેરેના નજીવા કલેશોમાં જૈન સમાજને કુસંપ કરવાનું પાલવશે નહિ; ગત વર્ષમાં મહેસાણામાં ગત ચૈત્ર માસમાં શેઠ **ભ**ગુભાઇ **ચુ**નીલાલ સુતરીઆના પ્રમુખપણા નીચે શ્રુતજ્ઞાનના પ્રચાર માટે–**ज्ञानक्रियाभ्यां मोक्षः** એ સૂત્રનું રહસ્ય સક્રિયપણે અમલમાં મૂકવા માટે ધાર્મિક જ્ઞાનનો પ્રચાર વધારવા તેમજ ધાર્મિક શિક્ષકો તૈયાર કરવા અને ધાર્મિક પાઠશાળાઓમાં કેમ નવજીવન આવે વિગેરે માટે સમ્મેલનનો ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો અને તે માટે પંદર લાખનું ફંડ કરવા નિર્ણય થયો હતો; લગભગ દોઢ લાખના ફંડની શરૂઆત પણ થઈ ગઇ છે; શેઠ **ન**ગીનદાસ **ક**રમચંદ તથા રા. બ. શેઠ **જી**વતલાલ **પ્ર**તાપસિંહ આ કાર્યમાં મુખ્ય હોવાથી કાર્યસિદ્ધિ સુંદર રીતે પાર પડશે તેવી આશા અસ્થાને નથી. ગત વર્ષમાં સમર્થ જ્યોતિર્ધર સ્વ૦ શ્રી **વિ**જયાનંદસૂરિનો સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ મહોત્સવ **પં**જાબમાં ગુજરાંવાળા શહેરમાં જેઠ માસમાં ઉજવવાનું નક્કી થયેલ, પરંતુ **પં**જાબનું રાજ્યદ્વારી વાતાવરણ કલુષિત હોઈ ઉત્સવ મુલતવી રહ્યો છે.

**મે**વાડમાં ઉદેપુરના મહારાણાએ શ્રી કુનૈયાલાલ મુન્શીની સલાહથી શ્રી કેસરીયાજી તીર્થની પંદર લાખની રોકડ રકમ **પ્ર**તાપ વિશ્વવિદ્યાલય ઊભું કરીને તેમાં વાપરવા નિવેદન બહાર પાડયું છે; વસ્તુતઃ કેસરીઆજી તીર્થની મીલ્કત જૈનશાસ્ત્રાનુસાર દેવદ્રવ્ય હોઇ જૈનોની સાથે મળીને નક્કી કર્યા સિવાય મહારાણાશ્રીને પ્રતાપ વિશ્વવિદ્યાલયમાં વાપરવાનો અધિકાર હોઇ શકે નહિં; તેથી તે માટે શ્વેતાંબર દિગંબર બન્ને વર્ગોના જૈનોએ જાગૃત થઇ પુષ્કળ ઉહાપોહ કરવાની જરૂર છે. શેઠ **આ**ણંદજી કલ્યાણજીની પેઢીએ વહેલી તકે આ પ્રશ્નની લડત ઉપાડી લેવી જોઇએ; આ બાબતમાં લેખો અને ઠરાવો કરતાં જલ્દી સક્રિયપણે અમલમાં આવે અને **મ**હારાણાશ્રી જલ્દી રાજ્યનો ઠરાવ પાછો ખેંચી લ્યે તેવી સક્રિય યોજના થવી જોઇએ. **મું**બઇ પ્રાંતની સરકારે મુંબઇ ધારાસભામાં **હ**રિજન મંદિર-પ્રવેશનો ધારો મંજુરી માટે રજૂ કર્યો છે; હરિજનોને જૈનમંદિરમાં પ્રવેશ કરવાનું કારણ કાંઈ પણ ન હોઇ શકે; કેમકે તેમનો હિંદુધર્મ છે–આ બાબત મ૦ ગાંધીજીએ પણ પ્રથમ નિવેદન કરેલું છે; તેઓ જૈનધર્મી નથી જેથી જૈનવર્ગે નકામો ઊહાપોહ કરવાની જરૂર હાલ લાગતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દિલગીરીની નોંધ.

ગતવર્ષમાં અનુભવી વયોવૃદ્ધ જૈન આગેવાન માસ્તર મોતીચંદ ઝવેરચંદ કે જેઓ ભાવનગર સંઘના ઉપપ્રમુખ હતા તેમજ સ્પષ્ટ અને નીડર વક્તા હોવા ઉપરાંત દ્રવ્યાનુયોગના વિષયના અભ્યાસી હતા તેમનું તથા શ્રી દુર્લભદાસ મૂળચંદ કે જેઓ વ્યવહારકુશળ અને મુંબઈમાં વીશાશ્રીમાળી જ્ઞાતિના અગ્રેસર હતા તેમનું ખેદજનક અવસાન થયું છે. ઉપરાંત ધાર્મિક સંસ્કારથી ઓતપ્રોત થયેલા વડોદરાવાળા વૈદ્ય જમનાદાસ ચુનીલાલ તથા સંઘવી જેચંદ દલીચંદ, સંઘવી અમરચંદ ધનજી તથા શ્રી જગજીવન નરોત્તમ કે જેઓ આગેવાન અને લાઇફ મેંબરો હતા.–આ તમામ વ્યક્તિઓનાં ખેદજનક અવસાન માટે પ્રસ્તુત સભા દિલગીરી જાહેર કરે છે અને તેમના આત્માને શાંતિ ઇચ્છે છે.

## લેખદર્શન.

ગતવર્ષમાં પદ્ય લેખો ૩૪ ( અવાંતર સાત લેખો સહિત ) અને ગદ્ય લેખો ૫૮ ( અવાંતર બાવીશ લેખો સહિત ) આપવામાં આવ્યા છે. પદ્ય લેખોમાં મુ૦ પૂર્ણાનંદજીના શ્રી પાર્શ્વનાથ સ્તુતિ વિગેરે ત્રણ કાવ્યો, મુ૦ લક્ષ્મીસાગરજીના મહાવીરસ્વામીનું સ્તવન વિગેરે ત્રણ કાવ્યો, મુ૦ હેમેંદ્રસાગરજીના પદ્મપ્રભુ સ્તવન વિગેરે બે કાવ્યો, મુ૦ વિનયવિજયજીની વર્ષાભિનંદન સ્તુતિ, શીઘ્રકવિ મુ૦ દક્ષવિજયજીના અધ્યાત્મ ઉત્સવગીત વિગેરે પાંચ કાવ્યો, મુ૦ યશોભદ્રવિજયજીનું મંદિરીએ ચાલો જિણંદના ૩૫ કાવ્ય, મુ૦ ધુરંધરવિજયજીનું વર્ધમાન જિન સ્તવન, ડૉ૦ ભગવાનદાસ મહેતાનું ગુરુસ્મરણ કાવ્ય, શ્રી હીરાચંદ ઝવેરચંદના ઉવસગ્ગહર તથા સંતિકર સ્તોત્રના અનુવાદમય કાવ્યો, ગોવિંદલાલ પરીખના સેવાધર્મ વિગેરે કાવ્યો અને નૂતન કવિ શ્રી અમરચંદ માવજીના જ્ઞાનગીતા શતકના છ કાવ્યો આવેલાં છે. ગદ્ય લેખોમાં આ૦ શ્રી વિજયકસ્તૂરસૂરિના વિચારશ્રેણિ વિગેરેના વિદ્વદ્ભોગ્ય અર્થગંભીર ત્રણ લેખો તથા મરતાં શીખો વિગેરે છ લેખો, સિદ્ધહસ્ત લેખક રા. મોતીચંદભાઇના ધર્મકૌશલ્યના નવ લેખો, શ્રીયુત વિઠ્ઠલદાસ મૂલચંદના શોક મોહની નિવૃત્તિના ઉપાયના અનુવાદમય બે લેખો, આત્માર્થી સં૦ પા૦ મુ૦ પુણ્યવિજયજીના યોગમીમાંસા વિગેરે છ લેખો, મુ૦ લક્ષ્મીસાગરજીના સૂક્તમુક્તાવલિ વિગેરે ચાર લેખો, વ્યાકરણ અને ન્યાયશાસ્ત્રના અભ્યાસી મુ૦ ધુરંધરવિજયજીના ન્યાયરત્નાવલિ વિગેરે ચાર લેખો, મુ૦ ન્યાયવિજયજી( ત્રિપુટી )ના હેમચંદ્રાચાર્યની જીવન ઝરમરના પાંચ લેખો, આ. શ્રી વિજયપદ્મસૂરિજીના સિદ્ધસેન દિવાકરજીના ગ્રંથોનો પરિચય વિગેરે ચાર લેખો, મુ. સમુદ્રવિજયજીનો શ્રી વિજયાનંદસૂરીશ્વર પ્રતિ ગુરુભક્તોનું કર્તવ્યનો લેખ, પં. લાલન કે જેમની ઉમ્મર લગભગ નેવું વર્ષની છે તેમના મહાવીરજિન સ્તવનના ભાવાર્થ વિગેરે ત્રણ લેખો, સાહિત્યરત્ન પુણ્યવિજયજીએ સર્વધર્મપરિષદ્માં આપેલ વ્યાખ્યાનનો લેખ, રા. ચોકસી કે જેઓ વક્તા અને લેખક છે તેમના પ્રત્યેકબુદ્ધ વિગેરે છ લેખો, ડૉ. ભગવાનદાસ મહેતા કે જેમનું દ્રવ્યાનુયોગનું વિશાળ અધ્યયન છે તેમના શ્રીમાન યશોવિજયજી પરત્વે ચાર લેખો, પચાસમા વર્ષનો સભાનો રિપોર્ટ તથા અમારા તરફથી નૂતનવર્ષનું મંગલમય વિધાનવાળો લેખ–આ લેખો ગતવર્ષમાં આત્માનંદ પ્રકાશે વાચકસૃષ્ટિ સમક્ષ મૂકેલા છે; તદુપરાંત વર્તમાન સમાચારના દસ લેખો અને જૈન સમાજને વિનંતિરૂપ એક લેખ રા. વલ્લભદાસ ત્રિભુવનદાસ તરફથી આપવામાં આવ્યા છે. આ તમામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખોનું સંક્ષિપ્ત સરવૈયું છે. પ્રસ્તુત લેખો જૈન સિદ્ધાંત અનુસાર રચનાત્મક શૈલિથી વિદ્વાનોની કલમથી લખાયેલ હોઇ વાચકોને અનેક અંશે ઉપકારક છે; શ્રુતજ્ઞાનના પવિત્ર અક્ષરોનું સામર્થ્ય ચિંતનદ્વારા આત્મા સુધી પહોંચી શકે છે; પવિત્ર શ્રુતજ્ઞાનને જ્ઞેય બુદ્ધિએ જાણી તેમાંથી ફલિત થતી શાસ્ત્રાજ્ઞા ઉપાદેય બુદ્ધિએ સ્વીકારતાં જાગૃત આત્મા વહેલી તકે સંસારથી ઉત્તીર્ણ થવા મુક્તિમાર્ગ માટે પ્રયાણ શરૂ કરે છે; ઉપનિષદ્‌ના " **उत्तिष्ठत जागृत प्राप्यवरान्निबोधत** " વચનાનુસાર આત્માએ અંતરાવલોકન ( Introspection ) કરી પુરુષાર્થ કરવો જોઇએ.

## પ્રકાશન કાર્ય અને ભાવના

પ્રસ્તુત સભા તરફથી **૨૦૦૩** વર્ષમાં રા. બ. શેઠ જીવતલાલ પ્રતાપસિંહની સહાયથી તૈયાર થયેલું **સં**ઘપતિચરિત્ર તથા શ્રી **મ**હાવીર પ્રભુના યુગની મહાદેવીઓ બન્ને પુસ્તકો ભેટ તરીકે આપવામાં આવ્યા છે; દિવાળી લગભગ શ્રી **સં**ઘદાસગણિકૃત કથાનુયોગનો પ્રાચીનતમ વસુદેવહિંડી ગ્રંથ ભાષાંતર ભાગ ૧–૨ જો તથા શેઠ લાલભાઈ ભોગીલાલ કુસુમગરની સહાયથી શ્રી **અ**જિતપ્રભસૂરિકૃત શ્રી **શાં**તિનાથ ચરિત્ર ભાષાંતર અને તે પછી શ્રી **ચં**દુલાલ **ટી.** શાહની સહાયથી શ્રી **દે**વભદ્રાચાર્યકૃત શ્રી **પાર્શ્વ**નાથ ચરિત્ર ભાષાંતર તથા શ્રી **દે**વભદ્રાચાર્યકૃત કથારત્નકોશનું ભાષાંતર, શ્રી **મા**નતુંગસૂરિકૃત શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર ભાષાંતર તૈયાર થાય છે; મૂળમાં બૃહત્કલ્પસૂત્રનો છઠ્ઠો ભાગ તથા **ત્રિ**ષષ્ઠિશલાકા પુરુષ પર્વ ૨–૩–૪–૫ છપાય છે; સાહિત્યરત્ન મુ૦ શ્રી **પુ**ણ્યવિજયજીના સ્વ૦ ગુરુવર્ય શ્રી **ચતુ**રવિજયજી મહારાજ અને સ્વ૦ દાદાગુરુ પ્ર૦ શ્રી **કાં**તિવિજયજી મહારાજનો આ સભા પ્રતિ અપ્રતિમ ઉપકાર ગ્રંથ સંશોધન પરત્વે ચાલુ હતો; તેમના આધ્યાત્મિક વારસારૂપે મુ૦ શ્રી **પુ**ણ્યવિજયજીની પ્રશસ્ત સક્રિય સહાનુભૂતિ ચાલુ છે. તેઓએ વસુદેવહિંડી, બૃહત્કલ્પસૂત્ર વિગેરે ગહન ગ્રંથોનું સંશોધન કરેલું છે અને હાલમાં **દ્વાદશારનયચક્ર** ટીકાવાળા ગહન ગ્રંથનું સંશોધન કરી રહ્યા છે; તે નજીકના ભવિષ્યમાં સભા તરફથી છપાશે. શ્રી **અ**જિતનાથ ચરિત્ર, **સુ**મતિનાથ ચરિત્ર અને **મુ**નિસુવ્રતસ્વામી ચરિત્રના ભાષાંતરો સભા વહેલી તકે શરુ કરવા ઇચ્છે છે. મોંઘારત અને અગવડ ઘણી છતાં પ્રવૃત્તિ ચાલુ રહેશે.

ગત વર્ષમાં પાંચ પેટ્રનો વધ્યા છે; તમામ મળી સભાને ત્રીશ પેટ્રનો અને લગભગ સોળ સીરીઝ ગ્રંથોની સહાય અત્યાર સુધીમાં મળી ચૂકી છે. નવીન વર્ષમાં જૈન દર્શનના સિદ્ધાંત અનુસાર રચનાત્મક શૈલિથી ધાર્મિક અને આધ્યાત્મિક લેખો આપવા સભાએ ઇચ્છા રાખેલી છે; સભાની આ ભાવનાની સફળતા સાક્ષર મુનિરત્નો અને સદ્‌ગૃહસ્થોના લેખો ઉપર નિર્ભર છે. પ્રસ્તુત પત્ર સાથે સહાનુભૂતિ ધરાવનાર તરીકે પૂજ્ય મુનિશ્રીઓ અને અન્ય સાક્ષર લેખકોનો સપ્રસંગ આભાર માનીએ છીએ. અને નવીન વર્ષમાં સભાની ભાવનાને વિશેષ બળ મળે તે માટે વિચારપ્રણાલિકાને લંબાવવા સૂચના કરીએ છીએ. જ્ઞાન કે જે અરૂપી આત્મગુણ છે તેને વિકસાવવાને યત્કિંચિત્ સાધન તરીકે વ્યવહાર ભૂમિકામાં જે સ્થૂળ પ્રકાશનો માટે સભાનો આદર્શ (Ideal) છે તેની યથાશકિત અલ્પ સેવા બજાવવા માટે સભા પ્રશસ્ત આનંદ અનુભવે છે.

## અંતિમ પ્રાર્થના–

ઉપમિતિ ભવપ્રપંચાકથાનકમાં એક રૂપક છે. સુંદર રાજમંદિરના સાતમા મજલા ઉપરથી રાજરાજેશ્વર સુસ્થિત મહારાજાની નજર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીચે એક નિષ્પુણ્યક દરિદ્રી ઉપર પડે છે. તે ઉપરથી કથાનકમાં વર્ણવેલો દરિદ્રી ચેતના પ્રાપ્ત કરે છે; તેનું રહસ્ય એ છે કે અનાદિ સંસારમાં રખડતા પ્રત્યેક આત્માના જ્યારે કર્મો હલકાં થતાં જાય છે અને આત્મા માર્ગ સન્મુખ થતો જાય છે ત્યારે પરમાત્માની દૃષ્ટિ તેના ઉપર પડવારૂપ અતિ સુંદર બનાવ બને છે; આત્માનું યથાપ્રવૃત્તિકરણરૂપ આત્મવીર્ય પ્રકટતાં રાગદ્વેષની નિવિડ ગ્રંથિ તૂટતાં જૈન દર્શનરૂપ રાજભુવનમાં આત્મા પ્રવેશ કરે છે. આ રૂપક ઉપરથી સમજવાનું કે એકેંદ્રિયથી પંચેંદ્રિય તિર્યંચ સુધીની ગતિઓમાં કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, ઉદ્યમ અને કર્મરૂપ કારણોમાં ઉદ્યમ સિવાય અન્ય કાર્યો મુખ્ય હોય છે અને તે આત્માને સહાયક હોય છે. પરંતુ મનુષ્ય જન્મમાં પુરુષાર્થની મુખ્યતા હોય છે અને અન્ય કારણો ગૌણુ હોય છે. આ પુરુષાર્થની મુખ્યતા શ્રીમદ્ દેવચંદ્રજીએ શ્રી અજિતનાથ સ્વામીના સ્તવનમાં નિવેદન કરેલ 'અજ કુલગત કેસરી લહે રે, નિજ પદ સિંહ નિહાળ'ના દૃષ્ટાંતવાળા વાક્યાનુસાર વિચારતાં પ્રત્યેક આત્મા અનંત શક્તિમાન છે–વૃત્તિઓ વાસના કે કર્મોનો ગુલામ નથી–તે રીતે આત્માને ઓળખી લઇ અપૂર્વ શ્રદ્ધાબળ મેળવવું જોઇએ. પછીથી તપશ્ચર્યા વિગેરે શુભ સાધનોદ્વારા આત્મામાં વિરતિ બળ પ્રકટાવી ચારિત્ર મોહનીયના પ્રતિબંધક બળોને પુરુષાર્થપૂર્વક રોકવાથી આત્મામાં પ્રતિક્ષણુ ગુણોનો વિકાસ થતો રહે છે; કર્મોની પરતંત્રતાથી મુક્ત થઇ મૃત્યુ ઉપર જય મેળવવાની તાકાત આવે છે. ઉર્દુ કવિ કહે છે કે 'અરે ભાઇ ! કાલે તો કહેતો હતો કે મને પથારીમાંથી ઊઠવાની શક્તિ નથી; આજ દુનિઆમાંથી ઊઠીને ચાલી નીકળવાની તાકાત તારામાં ક્યાંથી આવી ?" સ્વ. કવિ સમ્રાટ્ ડો. રવીંદ્રનાથ ટાગોરે એક સ્થળે કહ્યું છે કે "અંધકારમાં અસીમ ડૂબેલી માનવજાતને હજી સંપૂર્ણતાએ પહોંચવાનું છે; અત્યારે ક્ષણે ક્ષણે દેખાતાં અંધકારબળો જે દિવસે સત્યનો પ્રકાશ ઉતરશે તે દિવસે દૂર થઇ જશે" એક આંગ્લ વિદ્વાન્ કહે છે કે—

"Look backward how much has been won, look round how much is yet to win, the watches of the night are done, the watches of the day begin."

અર્થાત્–જૈન દૃષ્ટિએ તેનો અર્થ કરતાં "હે આત્મન્ ! તારો ભૂતકાળ તું તપાસ કે કેટલાં પાપકર્મો ઉપર વિજય મેળવ્યો છે ? આવતી કાલથી જાગૃત થઇ આત્માની શક્તિઓ અને બળાબળ વિચારી આ માનવ જન્મમાં કેટલો આત્મિક વિજય મેળવી શકીશ ? અજ્ઞાનની રાત્રિ પૂરી થઇ છે અને આત્માનંદ પ્રકાશનો દિવસ શરૂ થઇ ગયો છે." વિદ્વાન કવિઓનાં આ રહસ્યોનો જૈન દૃષ્ટિમાં સમન્વય કરતાં આત્મામાં બળ પ્રેરે છે; ઉપાદાન કારણરૂપ આત્મા જાગૃત થાય તો તમામ નિમિત્ત કારણો તેને અનુસરે છે. અનાદિ કાળથી જે ભૂલની પરંપરા તે અન્યમાં જોતો હતો તે પોતામાં જ જોવામાં આવે છે અને પોતાની શુદ્ધિ કરવા તૈયાર થઇ મળેલો માનવજન્મ પુરુષાર્થપૂર્વક સાર્થક કરવા માંડે છે; વ્યવહારનયથી સિદ્ધ પરમાત્માની કૃપા હોય તો જ ઉપાદાન કારણરૂપ આત્મા તૈયાર થઇ જાય છે જેથી રાજરાજેશ્વર સિદ્ધ પરમાત્માને ઉપનિષદ્ની મધ્યમા વાણીથી અથવા જૈન દર્શનના વ્યવહારનયથી પ્રાર્થના કરીએ કે બુદ્ધિમાં વિવેક પૂરે, જીવનમાં રસપૂર્તિ કરે, સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર

( અનુસંધાન પાને ૧૮ મે )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિના ઉપલબ્ધ ગ્રંથોનો ટૂંક પરિચય
# ( દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા—બત્રીશ બત્રીશીઓ )

લે૦—આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ

( ગત વર્ષના પૃષ્ઠ ૨૧૦ થી ચાલુ )

૧૦ દશમી દ્વાત્રિંશિકા—અહીં અનુષ્ટુપ્ છંદમાં ૩૪ શ્લોકો છે. દિવાકરજીએ શ્રી જિનેશ્વર દેવના ઉપદેશની બીના ધ્યાનાદિ મુખ્ય વસ્તુ લક્ષ્યમાં રાખીને સંક્ષેપમાં જણાવી છે. તેમાં શરૂઆતમાં કહ્યું છે કે–અવિગ્રહાદિ વિશેષણવાળા અમૃત શબ્દના પરમતત્ત્વની પ્રરૂપણા કરનાર પ્રભુશ્રી મહાવીરદેવને નમસ્કાર થાઓ. છઠ્ઠા શ્લોકમાં સંસારના કારણભૂત આર્ત્ત રૌદ્ર ધ્યાનનો નિર્દેશ કરી સાતમા શ્લોકમાં તે બે ધ્યાનના નિમિત્તાદિની પ્રરૂપણા કરી છે. આઠમા શ્લોકમાં સંસારનું સ્વરૂપ સંક્ષેપે જણાવી:સોલમા શ્લોકમાં અપ્રમાદ વિધિ વગેરેનું સ્વરૂપ નિર્દેશ કરવા ઉપરાંત્ સત્તરમા શ્લોકમાં જણાવ્યું છે કે લોકો શબ્દાદિ વિષયક પ્રવૃત્તિ કરે છે તે એક પ્રકારની નથી વગેરે બીના કહી છે. ૧૯ માં શ્લોકમાં કહ્યું છે કે–ઉપધાન વિધિ ઔષધના દૃષ્ટાંતે આશયશુદ્ધિકારક છે. એની આગળ વીશમા શ્લોકમાં કુશલ પુરુષની પ્રવૃત્તિને અંગે વિધિનિષેધની યથાર્થ ઘટના વગેરે જણાવી ૨૪ મા શ્લોકમાં પ્રાણાયામનું વર્ણન કર્યું છે. ૨૭ મા શ્લોકમાં ધર્મશુક્લધ્યાનની ટૂંક બીના જણાવી છેવટે દિવાકરજી મહારાજ જણાવે છે કે–અહીં મેં જે જિનેશ્વર દેવનો ટૂંક ઉપદેશ જણાવ્યો છે તે વિસ્તારાર્થનું સાધન છે. એટલે અહીં ધ્યાનના વર્ણન ઉપરાંત–અપર વૈરાગ્ય, પર વૈરાગ્યાદિની સ્પષ્ટ બીના, સ્થાન, આસનાદિ યોગપ્રક્રિયાદિનું સ્વરૂપ પણ જણાવ્યું છે.

૧૧ અગીઆરમી દ્વાત્રિંશિકા–દિવાકરજી મહારાજે અહીં કોઇ રાજાની સ્તુતિ કરી હોય, એમ જણાય છે. સર્વ મળી ૧૮ શ્લોકો વિવિધ છંદોમાં છે. છેવટે જણાવ્યું છે કે "**इति गुणवचनद्वात्रिंशिका**" પરંતુ અહીં ૪ શ્લોકો ઘટે છે.

૧૨ બારમી દ્વાત્રિંશિકા—આનું નામ ન્યાયદ્વાત્રિંશિકા છે તે વ્યાજબી છે, કારણ કે તેમાં ન્યાયદર્શનસંમત સંક્ષિપ્ત પદાર્થતત્ત્વ જણાવ્યું છે. આ શ્લોકો ૩૨ અનુષ્ટુપ્ છંદમાં છે.

૧૩ તેરમી દ્વાત્રિંશિકા–અહીં સાંખ્ય દર્શનની ટૂંક બીના જણાવેલી છે, માટે આનું નામ છાપેલી પ્રતમાં સાંખ્યપ્રબોધદ્વાત્રિંશિકા જણાવ્યું છે. અનુષ્ટુપ્ છંદમાં શ્લોકો ૩૨ છે. ત્રીજા શ્લોકમાં પ્રકૃતિનું લક્ષણ વગેરે, તથા ચોથા શ્લોકમાં સત્ત્વ ગુણાદિ સ્વરૂપ વગેરે સંક્ષેપે જણાવ્યું. બીજા શ્લોકોમાં સાંખ્ય દર્શને માનેલા બીજા તત્વોનું વર્ણન કર્યું છે,

૧૪ ચોદમી દ્વાત્રિંશિકા–અહીં અનુષ્ટુપ્ છંદમાં બત્રીશ શ્લોકો છે. તેમાં વૈશેષિક દર્શનની ટૂંક બીના જણાવી છે, તેથી તે વૈશેષિકદ્વાત્રિંશિકા કહેવાય છે.

૧૫ પંદરમી દ્વાત્રિંશિકા–અહીં બૌદ્ધ દર્શનની શૂન્ય વાદાદિ શાખાઓની બીના અનુષ્ટુપ્છંદમાં ૩૧ શ્લોકમાં જણાવી છે, તેથી તેનું નામ બૌદ્ધસંતાનાદ્વાત્રિંશિકા છાપેલી પ્રતમાં જણાવ્યું છે.

૧૬ સોળમી દ્વાત્રિંશિકા–અનુષ્ટુપ્ છંદમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બત્રીશ શ્લોકોમાં કોઈ દાર્શનિક વિષયની ચર્ચા-તર્કદષ્ટિએ કરી હોય, એમ સંભવે છે. અહીં જણાવેલી ખરી બીના અશુદ્ધિને લીધે સમજાતી નથી. આનું નામ છાપેલી પ્રતમાં નિયતિદ્વાત્રિંશિકા જણાવ્યું છે પણ તે ખોટું છે; કારણ કે તેમાં નિયતિનું સ્વરૂપ દેખાતું નથી.

૧૭ થી ૨૦–સત્તરમી દ્વાત્રિંશિકાથી વીશમી દ્વાત્રિંશિકા સુધીની ચાર દ્વાત્રિંશિકાઓમાં સત્તરમી દ્વાત્રિંશિકાનું અને અઢારમી દ્વાત્રિંશિકાનું કંઇ પણ વિશેષ નામ જણાવ્યું નથી. ઓગણીશમી દ્વાત્રિંશિકાનુ "નિશ્ચયદ્વાત્રિંશિકા" નામ અને વીશમી દ્વાત્રિંશિકાનું નામ "**दृष्टिप्रबोधद्वात्रिंशिका**" નામ છાપેલી પ્રતમાં જણાવ્યું છે.

સત્તરમી દ્વાત્રિંશિકામાં અને અઢારમી દ્વાત્રિંશિકામાં અનુંષ્ટુપ્ છંદમાં બત્રીશ શ્લોકો અને ઓગણીશમી બત્રીશીમાં અનુષ્ટુપ્ છંદમાં ૩૧ શ્લોકો તથા વીશમી દ્વાત્રિંશિકામાં અનુષ્ટુપ છંદમાં ૩૨ શ્લોકો છે.

આ ચારે દ્વાત્રિંશિકાઓ સ્યાદ્વાદ દર્શનમાં માન્ય પદાર્થ તત્ત્વોને જણાવે છે. સત્તરમી બત્રીશીમાં આશ્રવ અને સંવર શબ્દ દેખવાથી સમજાય છે કે–કદાચ નય દષ્ટિએ આશ્રવ સંવરનું સ્વરૂપ એટલે સંસારના કારણો અને મોક્ષના કારણો વગેરે બીના જણાવી હોય. ખરી રીતે કર્મનો બંધ અને મોક્ષમાં માનસિક વિચારની જ પ્રધાનતા છે. આ વસ્તુને યથાર્થ સમજાવવા માટે દિવાકરજીએ અહીં ( સત્તરમી દ્વાત્રિંશિકામાં ) જણાવ્યું છે કે–

**तुल्यातुल्यफलं कर्म-निमित्ताश्रवयोगतः ।**
**यतः स हेतुवन्वेष्यो दृष्टार्थो हि न तप्यते ॥१७॥**

સ્પષ્ટાર્થ—નામ વગેરેની અપેક્ષાએ જુદા જુદા કારણોથી બાંધેલ કર્મો ઉપલક દૃષ્ટિએ કદાચ સરખા જણાય, પણ ફલમાં જરૂર તફાવત પડે છે. એટલે એક કાળે બાંધેલા કર્મોના નિમિત્ત કારણો જુદા જુદા સ્પષ્ટ જણાય છે, માટે સરખા કર્મ બાંધનાર જીવોમાં પણ કેટલાક જીવો સમાન ફળને ભોગવે છે ને કેટલાક જીવો વિષમ ફળને પણ ભોગવે છે. પરિસ્થિતિ આમ હોવાથી કર્મબંધના કારણોનો સ્પષ્ટ બોધ જરૂર મેળવવો જ જોઇએ. વ્યાજબી જ છે કે કર્મોદય કાળે જ્ઞાનીને ખેદ થાય જ છે. ખેદ તો અજ્ઞાનીને જ થાય કારણ કે તે ધૈર્ય ગુમાવી બેસે છે. આ રહસ્ય ગીતાદિમાં પણ જણાવ્યું છે. તે ટૂંકામાં આ પ્રમાણે—

**ज्ञानिनोऽज्ञानिनश्चात्र, समे प्रारब्धकर्मणी ।**
**न क्लेशो ज्ञानिनो धैर्यात्, क्लिश्यत्यज्ञोऽधैर्यतः॥१॥**

સંભવ છે કે–દિવાકરજીએ કદાચ આ શ્લોકના તત્ત્વને લક્ષ્યમાં રાખીને જ ઉપરની બીના જણાવી હોય. (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'માનવ દેહ ઉત્તમ કેમ?'

લેખક:—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

સંસારમાં માનવ જીવન તથા માનવ દેહની ઉત્તમતા માટે બે મત છે જ નહિં પણ તે ઉત્તમ શા માટે છે તેમાં મતભેદ છે, કારણ કે માનવ જાતિ દેહદૃષ્ટિ તથા આત્મદૃષ્ટિ એમ દૃષ્ટિભેદથી બે પક્ષમાં વહેંચાયલી છે. આ બે દૃષ્ટિમાંથી દેહદૃષ્ટિની સંખ્યા મોટી છે અને આત્મદૃષ્ટિ અત્યંત અલ્પ પ્રમાણમાં છે. દેહદૃષ્ટિ દેહને ઘણી જ પ્રધાનતા આપે છે અને દેહની સારી રીતે ઉપાસના કરે છે, કારણ કે તેમની માન્યતા પ્રમાણે દેહ સિવાય આત્મા જેવી કોઇ ખાસ વસ્તુ નથી. આત્મા દેહનું નામાન્તર છે પણ અર્થાન્તર નથી એવી માન્યતા હોવાથી આત્મા શબ્દથી ઉપયોગસ્વરૂપ આત્માનો બોધ ન થતાં તેમને દેહનો બોધ થાય છે અને એટલા માટે જ તેઓ આત્મવિકાસની પ્રવૃત્તિથી પરાંગમુખ થઇને ચોવીસ કલાક દેહની જ સેવામાં મગ્ન રહે છે. પોતાને દુઃખ થાય એવા હેતુથી મનગમતી વસ્તુઓથી દેહને પોષે છે. દેહને સુંદર બનાવવાને માટે સારાં ઘરેણાં-વસ્ત્રોથી શણગારે છે. પાંચે ઇંદ્રિયોમાંથી કોઇ પણ ઇંદ્રિયના વિષયને પોષવાની ઇચ્છા થાય તો તનતોડ પ્રયત્ન કરીને પણ સફળતા મેળવે છે. આ બધુંય દેહદૃષ્ટિ માનવી દેહને પ્રધાન માનીને કરે છે. તેને સંસારમાં દૃષ્ટિગોચર થતાં જીવતાં પ્રાણીયોમાં :માનવ દેહ જેવો બીજો કોઈપણ દેહ બુદ્ધિ-ચાતુર્ય-ડહાપણ તથા સ્વામિત્વ આદિમાં અધિક જણાતો નથી એટલે જ માનવ દેહ તથા માનવ જીવનને પુદ્ગલાનંદી દેહદૃષ્ટિ માનવી ઉત્તમ માને છે.

આ પ્રમાણેની માન્યતા દેહમાં આત્માનો આક્ષેપ કરનારી હોય છે. તેઓ આત્માને તો માને છે, પણ અનાદિ કાળથી દેહના સંસર્ગને લઈને જે દેહમાં પોતે હોય છે તે દેહને પોતાનું સ્વરૂપ માને છે. અને મોહનીયના ગાઢતમ આવરણને અંગે તેમાં ઓતપ્રોત થઈ જવાથી આત્માને ભિન્ન પાડી આત્મદૃષ્ટિ હોઇ શકતી નથી, અને દેહમાં અનુભવાતા કર્મના વિકારોને પોતાનાજ માને છે જેને લઈને દેહાધ્યાસી એમ કહેતા નજરે આવે છે કે-હું રૂપાળો છું, મને વખાણે છે, મને તાવ ચઢ્યો છે, હું સુખી છું, હું દુઃખી છું, મને મારે છે, મને ગાળ દે છે. ઇત્યાદિ કથનથી દેહથી પોતાની અભિન્ન દશા જણાવે છે અને મારું શરીર દુઃખે છે, મારું ધન, મારું ઘર, મારું વસ્ત્ર ઇત્યાદિ કથનથી પોતાને ભિન્ન જણાવે છે, છતાં તેની હાનિ-વૃદ્ધિથી હર્ષ-શોક કરે છે; કારણ કે જડાત્મક વસ્તુઓના વિલક્ષણ પરિવર્તને મોહનીય કર્મના દબાણથી પોતાને લાભ હાનિ માને છે અને તેના અંગે વિભાવ દશાને લઈને વિકૃતિને તાબે થાય છે. જડાત્મક વસ્તુઓ સ્વતઃ અથવા ચૈતન્યની પ્રેરણાથી અનેક અવસ્થાઓમાં બદલાય છે તેમાં લાભ-હાનિ કે સુંદર-અસુંદર જેવું કશુંય હોતું નથી છતાં અજ્ઞાનતાને લઇને જડાત્મક વસ્તુઓમાં થતા ફેરફારોને જીવ પોતાના જ માનીને સુંદરતા તથા અસુંદરતાના કાલ્પનિક મિથ્યા જ્ઞાનથી પોતાને લાભ-હાનિ માને અને હર્ષ શોક કરે છે.

આત્માને માટે જડાત્મક વસ્તુમાત્ર પર હોય છે અને તે બધીયનો સંયોગ સંબંધ હોય છે. સંયોગ સંબંધ અનંતર તથા પરંપર એમ બે પ્રકારનો હોય છે. તેમાં આત્માની સાથે દેહનો અનંતર સંબંધ છે અને બંગલા-ધન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્ત્ર–આભૂષણ આદિ અચેતન તથા માતા–પિતા-ભાઇ–ભગિની–સ્ત્રી–નોકર આદિ સચેતન વસ્તુઓનો પરંપર સંબંધ છે. અર્થાત્ આ બધીય વસ્તુઓનો દેહની સાથે સંબંધ છે. આત્મા અનંતર સંબંધવાળા દેહને છોડી દે છે કે તરતજ પરંપર સંબંધવાળા બાગ–બંગલા આદિ તથા માતા–પિતા આદિનો સંબંધ છૂટી જ જાય છે પણ ધન તથા માતા–પિતા આદિનો સંબંધ છૂટવા માત્રથી દેહનો સંબંધ છૂટી શકતો નથી. તાત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો ઔદારિક આદિ ત્રણ સ્થૂળ દેહનો સંબંધ પરંપર છે અને કાર્મણ શરીર કર્મનો સંબંધ અનંતર છે, અને એટલા માટે જ ઔદારિક દેહનો સંબંધ છૂટી જવાથી કર્મનો સંબંધ છૂટે નહિં પણ કર્મનો સંબંધ છૂટવાથી બધાય દેહનો સંબંધ છૂટી જાય છે અને તેથી કરીને સમગ્ર સંસારનો સંબંધ પણ સર્વથા છૂટી જાય છે એટલે પછી જીવ મુક્તાત્મા તરીકે ઓળખાય છે. પરંપર સંબંધવાળા ઔદારિકાદિ સ્થૂળ દેહનો સંબંધ મર્યાદિત હોય છે અને તેના વિયોગનું પ્રત્યક્ષ અલ્પજ્ઞ અથવા તો તદ્દન અણુજાણુ માણસને પણ થાય છે કે જે વિયોગને સમગ્ર જનતા મૃત્યુના નામથી ઓળખે છે; પરંતુ અનંતર સંબંધ ધરાવનાર કર્મના વિયોગનું પ્રત્યક્ષ તો અતિશય જ્ઞાની સિવાય કોઈને પણ થતું નથી. કર્મ તથા આત્માના સંયોગને દૂધ–પાણી તથા અગ્નિ ને લોઢાના સંગાથ–સંબંધના ઉદાહરણથી સમજાવ્યો છે. જેમ લોઢું અને અગ્નિ તથા દૂધ અને પાણી પરસ્પર મળીને એવા રહે છે કે બંને એક સ્વરૂપ જેવાં દેખાય છે. બંનેને સંયોગાવસ્થામાં જુદા પાડીને પ્રત્યક્ષ કરાવી શકાય નહિં તેમ અનાદિ કાળથી ઓતપ્રોત થઇને રહેલા જીવ તથા કર્મને જુદા પાડી દેખાડી શકાય નહિં પણ જાણી શકાય તથા કહી શકાય ખરાં.

દેવગતિના દિવ્ય શરીર કે જે શ્રદ્ધાગમ્ય છે તેની જેને શ્રદ્ધા હોતી નથી એવા પુદ્ગલાનંદી–જડાસક્ત જીવો પશુ–પક્ષી આદિ તિર્યંચોના શરીરો સાથે પોતાના દેહને સરખાવીને માનવદેહને ઉત્તમ માને છે. અર્થાત વૈષયિક સુખના સાધનો મેળવીને બુદ્ધિપૂર્વક જેવી રીતે ઉપયોગ કરે છે અને જે કાંઇ સુખશાંતિ તથા આનંદ મેળવે છે તેવી રીતે પશુ–પક્ષી આદિ સુખના સાધન મેળવીને આનંદ મેળવીને આનંદ ભોગવી શકતા નથી. તિર્યંચો બુદ્ધિ વગરના હોવાથી કદાચ તેમને ખાવા–પીવાની સારી વસ્તુ મળી જાય તો પણ તેનાથી તેમને કાંઇ આનંદ કે સુખ જેવું જણાતું નથી. તિર્યંચો માત્ર પેટ ભરી જાણે છે. તેમને મિષ્ટાન્ન મળે યા ઘાસ મળે અથવા તો બીજો કોઇ પણ જાતનો ખાદ્ય પદાર્થ મળે બધું ય સરખું જ હોય છે. તેમનો ઉદ્દેશ માત્ર ખાવાનો જ હોય છે; પણ બુદ્ધિ તથા સમજણના અભાવથી મોજશોખનો હોતો નથી અને માણસ બાગ, બંગલા, મોટર, વસ્ત્ર, ઘરેણાં આદિના ઉપભોગથી તેમજ સિનેમા તથા સંગીત આદિથી સમજપૂર્વક જેટલું સુખ તથા આનંદ મેળવે છે તિર્યંચોને તેમાંનું કશું ય હોતું નથી. તાત્પર્ય કે પાંચે ઇંદ્રિયોના વિષયો માનવી મેળવે છે, ભોગવે છે અને સુખશાંતિ તથા આનંદ અનુભવે છે. તે બધાયથી તિર્યંચો ખાલી જ હોય છે માટે જ દેહદૃષ્ટિ માનવદેહને ઉત્તમ માને છે.

જેઓ દેવગતિ માને છે અને દિવ્ય(વૈક્રિય) શરીરની જેમને શ્રદ્ધા છે એવા પુદ્ગલાનંદી વિષયાસક્ત જીવો વૈષયિક સુખને લઇને જ જો માનવદેહને પ્રધાનતા આપતા હોય તો તેઓ ભૂલ કરે છે, કારણ કે દિવ્ય શરીર સંબંધી વૈષયિક સુખો આગળ માનવદેહના વૈષયિક સુખો અત્યંત તુચ્છ તથા જુગુપ્સનીય છે. મનુષ્યનું શરીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંસ આદિ સાત ધાતુઓનું બનેલું છે તથા મળ, મૂત્ર, કફ, પિત્ત આદિ અશુચિ પદાર્થોથી ભરેલું છે. માનવદેહના વિલાસ માત્ર ઘૃણાસ્પદ છે. માનવદેહની ઉત્પત્તિ અત્યંત અશુચિ સ્થાનમાં અપવિત્ર વસ્તુઓથી થાય છે અને મળમૂત્રના સંસર્ગથી ઉત્પન્ન થયેલા આહાર આદિથી પોષાય છે. પોતે મળમૂત્રાદિથી વ્યાપ્ત હોવાથી ગમે તેવી સુગંધીવાળી સારામાં સારી વસ્તુ પણ દેહના સંસર્ગથી મળસ્વરૂપ બનીને ઘૃણા ઉત્પન્ન કરાવે છે. વિલાસી માણસો દેહની દુર્ગંધ દૂર કરવાને સુગંધી તેલ વાપરે છે છતાં દેહ તો સુગંધી બનતો નથી પણ દેહને ચોપડેલી સુગંધી વસ્તુઓ દુર્ગંધમય બની જાય છે. કેટલાક મોંની ખરાબ વાસ દૂર કરવાને ઇલાયચી આદિ સુગંધી વસ્તુમિશ્રિત તાંબૂલ ખાય છે તો યે મોં સુગંધી થવાને બદલે તાંબુલને દુર્ગંધી બનાવે છે જેથી મોં વધારે ગંધાય છે. માનવી પુષ્કળ પાણીનો ઉપયોગ કરીને દેહને સ્વચ્છ બનાવવા પ્રયાસ કરે છે તો ય તે સ્વચ્છ બનતું નથી; કારણ કે દેહરૂપ છિદ્રવાળા કોથળામાં મળ, મૂત્ર, કફ, પિત્ત આદિ ભરેલાં હોવાથી નિરંતર છિદ્રવાટે વહ્યા કરે છે. એટલે પાણી અસ્વચ્છ તથા અપવિત્ર તો થઇ જાય છે પણ દેહ સ્વચ્છ તથા પવિત્ર બની શકતો જ નથી. દેવજાતિનાં દિવ્ય શરીર માનવ-દેહથી તદ્દન વિપરીત છે, દિવ્ય શરીર અશુચિ પુદ્ગલોનું બનેલું હોતું નથી. રુધિર આદિ સાત ધાતુ તથા મળમૂત્ર આદિનો અંશ પણ હોતો નથી. દેવ સ્વચ્છ તથા સુગંધીમય શય્યામાં ઉત્પન્ન થાય છે માટે અપવિત્રતા તથા દુર્ગંધ સર્વથા હોતી નથી. આહાર આદિના પુદ્ગલો પણ સ્વચ્છ તથા પવિત્ર અને મનગમતા હોય છે. આહાર દેહસ્પર્શી–લોમાહાર હોય છે. મોં વાટે આહાર કરતા નથી અર્થાત્ મોંઢેથી ખાતા નથી એટલે મળ જેવું કશું ય ન બનવાથી તેમને મળોત્સર્ગ કરવાની (દિશાએ જવાની) જરૂરત પડતી નથી. આહારના પુદ્ગલો શરીરની સ્વચ્છતા તથા રૂપ–કાંતિના પોષક હોય છે. દેવને ઉપભોગમાં આવતી ભોગોપભોગની બધી ય વસ્તુઓ સ્વચ્છ, સુગંધીમય અને આહ્લાદક હોય છે, માટે વૈષયિક સુખને આશ્રયીને દેવ શરીરપ્રધાન કહી શકાય અને ઉત્તમતા પણ દેવદેહની જ હોઇ શકે. માનવદેહની હોઇ શકતી નથી. સાચું અને સારું પૌદ્ગલિક સુખ તો દેવ જ ભોગવે છે. તેમજ વૈષયિક શાંતિ તથા આનંદ પણ દેવજાતિમાં જ હોઇ શકે છે, માટે જો માનવીને સારામાં સારું વૈષયિક સુખ જોઇતું હોય તો તેને દેવગતિમાં જવાની જરૂરત છે, કારણ કે માનવદેહ વૈષયિક સુખ ભોગવવાને માટે છે જ નહિ. માનવદેહના તુચ્છ તથા ઘૃણિત વૈષયિક સુખ મેળવવાને માટે માનવીને ઘણી જ મુશીબતો વેઠવી પડે છે તો યે કોઇને મળે છે અને કોઇને નથી પણ મળતું. ધાર્યા પ્રમાણે તો કોઇક જ મેળવતું હશે. માનવીને પૌદ્ગલિક સુખ સ્વાધીન હોતું નથી પણ તે પરાધીન હોવાથી તેને મેળવવાને માટે ધનની ઘણી જ જરૂરત પડે છે. તે ધન ભેગું કરવાને ચોવીશે કલાક ચિંતિત રહેવું પડે છે, કારણ કે ધન પરિશ્રમ કરવા માત્રથી મળતું નથી પણ લાભાંતરાય ખસ્યું હોય અને પુન્યનો ઉદય હોય તો જ મળી શકે છે. પુન્ય સિવાય સામાન્ય દેવી–દેવલાંની ઉપાસના કે તેમના જાપ, હોમ તથા સ્મરણ કરવાથી ધન મળી શકતું નથી પણ વીતરાગ પ્રભુનું સ્મરણ, જાપ તથા પૂજા-ભક્તિ કરવાથી લાભાંતરાય ખસી જાય છે અને ધનની પ્રાપ્તિ થાય છે. કેટલાકને પુન્યાનુસાર ધન પ્રાપ્ત થવા છતાં પણ લોભના અંગે પૌદ્ગ-લિક સુખ પણ ભોગવી શકતા નથી અને નિરંતર તૃષ્ણાના તાપથી સંતપ્ત રહે છે. લાભાં-તરાય ખસવાથી ધન તો મળી જાય છે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોગાંતરાય તથા ઉપભોગાંતરાય નડતું હોય તો મેળવેલી ધનસંપત્તિ બધી ય નકામી છે, કારણ કે તે તેને વાપરી શકતો જ નથી. છતે પૈસે કંગાલ સ્થિતિમાં જ મરીને જન્માંતરમાં લક્ષ્મી મેળવતાં ઉપાર્જન કરેલા પાપનો જ ભોક્તા થાય છે. આ બધી ય વાતોનો વિચાર કરતાં સ્પષ્ટ સમજાય છે કે માનવ દેહ તથા જીવન વૈષયિક સુખ ભોગવવાને માટે ન હોવાથી તેના અંગે તેની ઉત્તમતા પણ નથી જ.

વિષયાસક્તિને અંગે માનવ દેહને ઉત્તમ માનનાર માનવીએ આટલું તો જરૂર વિચારવું જોઇયે કે–માનવ દેહને જીવ નવ મહિના મળ-મૂત્રમાં રહીને ઉત્પન્ન કરે છે કે જ્યાં જીવને અવ્યક્તપણે ઘણું જ દુઃખ સહન કરવું પડે છે. પછી જન્મતી વખતે અનંતી વેદના ભોગવે છે. પવિત્ર અપવિત્રની અણસમજણને લઇને જન્મ્યા પછીની અવસ્થામાં પણ મળમૂત્રની ઘૃણા કરતો નથી. પછી બાલ્યાવસ્થામાં માતા–પિતાના સ્નેહને લઈને જોઇતી વસ્તુઓ મળી જવાથી નિશ્ચિંત-પણે વિચરે છે. પછી જ્યારે યુવાવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે જીવનનિર્વાહના સાધનની ચિંતાથી ઘેરાઈ જાય છે. અને ધન ઉપાર્જન કરવાના વ્યવસાયમાં ચિત્ત પરોવે છે. શ્રીમંત માતા–પિતા હોય તો વધુ ચિંતા હોતી નથી પણ સાધારણ સ્થિતિ હોય તો જીવવાના સાધન મેળવવાની ચિંતાથી સુખે સૂઈ પણ શકતો નથી. ધન હોય તો વધારવાની તૃષ્ણાથી અને ન હોય તો મેળવવાની ચિંતાથી ઠરી ઠામ બેસતો નથી, ઘડી ભરની પણ ફુરસદ મેળવી શકતો નથી. વ્યવસાયમાં ચિત્તવૃત્તિ પરોવાયલી હોવાથી ન મળે ખાવાપીવામાં શાંતિ કે ન મળે માની રાખેલા સ્નેહીઓની સાથે સ્નેહાલાપમાં શાંતિ. આરામ તથા વિશ્રાન્તિને તો સ્વપ્નમાં પણ ભાળી શકતો નથી, તો પછી માનવ દેહને વૈષયિક સુખનું સાધન માની પ્રધાનતા કેવી રીતે આપી શકાય? માનવીને રહેવાને ઘર જોઇએ તે ન હોય તો બાંધવા સુથાર–કડીઆ તથા સાધન–સામગ્રીની જરૂરત, કપડાં શીવવા દરજીની તથા ધોવા ધોબીની જરૂરત, ઘરેણાં ઘડવા સોનીની તથા હજામત માટે હજામની જરૂરત, ભોજન માટે રસોઇની જરૂરત અને બધાના કરતાં જીવવાનું અદ્વિતીય સાધન અન્ન ઉત્પન્ન કરવાને માટે ખેતી કરવાની જરૂરત પડે છે. તેમજ વ્યાધિ આવે તો તેને મટાડવા વૈદ્ય તથા ઔષધની પણ જરૂરત પડે છે. આવી પરિસ્થિતિમાં માનવીને પૌદ્ગલિક સુખ ભોગવવા સમય તથા અનુકૂળતા કેટલા પ્રમાણમાં મળી શકે? પ્રથમ તો માનવીનું જીવન બહુ જ ટૂંકું અને તેમાંયે વળી આધિ–વ્યાધિ સંયોગ–વિયોગ અવારનવાર આવતા જ રહે એટલે તુચ્છ પણ વૈષયિક સુખ નિશ્ચિંતતાથી સારી રીતે ભોગવી શકતા નથી. બાળ તથા વૃદ્ધ અવસ્થાને બાદ કરતાં બાકીનાં વીશ–પચીશ જ વર્ષ સમજણપૂર્વક સુખ ભોગવવાનાં હોય છે. તેમાંયે ધન કમાવાની ચિંતા, ખોવાની ચિંતા, ખોયેલું પાછું મેળવવાની ચિંતા અને જો વ્યાધિ ખબર લેવા આવ્યા કરે તો જીવવાની પણ ચિંતા કનડ્યા કરે. આવા પ્રસંગોને લઇને માનવી સુખ ભોગવવા યોગ્ય અવસ્થામાં પણ સુખ ભોગવી શકતા નથી માટે પૌદ્ગલિક સુખ ભોગવવા યોગ્ય તો દેવગતિ જ છે અને એટલા માટે જ માનવદેહ તથા જીવન કરતાં દેવનું દિવ્ય શરીર તથા જીવન ઉત્તમ કહી શકાય. દેવનું આયુષ્ય લાંબું હોય છે. અકાળ મૃત્યુ હોતું નથી. શરીરને સુંદર બનાવવા માનવીની જેમ પ્રયાસ કરવો પડતો નથી, પરણવાની ચિંતા હોતી નથી, વ્યાધિના અભાવે સુખ ભોગવવામાં વિઘ્ન આવતું નથી, તેમજ જીવનની જરૂરિયાતો પૂરી કરવામાં કોઈ પણ પ્રકારનો વ્યવસાય કરવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડતો નથી એટલે નિરંતર પુન્યાનુસાર મેળવેલા વૈષયિક સુખોને જીવનપર્યંત ભોગવે છે. માનવીની જેમ બાળ કે વૃદ્ધ અવસ્થા જેવું હોતું નથી પણ જન્મથી લઈને મરણપર્યંત એક સરખી અવસ્થા હોવાથી વિષયો ભોગવવામાં અશક્ત બનતા નથી. અત્યંત આસક્તિપૂર્વક ભોગો ભોગવી શકે છે. દેવલોકમાં શાશ્વતાં દેવ વિમાન હોય છે એટલે રહેવાને ઘર બાંધવું પડતું નથી. સોની, ધોબી, હજામ, દરજી આદિની જરૂરત પડતી નથી, કારણ કે પુન્યાનુસાર મેળવેલા દેવવિમાનમાં ભોગોપભોગની બધી વસ્તુઓ શાશ્વતી તૈયાર જ હોય છે. કોઈ પણ વસ્તુ ખરીદવાની જરૂરત ન હોવાથી ધન કમાવા વેપાર કરવાની જરૂરત હોતી નથી. દેવના દિવ્ય શરીર હોવાથી કેવળ આહારના અભાવે અન્ન ઉત્પન્ન કરવા ખેતી કરવાની પણ જરૂરત રહેતી નથી એટલે રસોઈ પણ કરવી પડતી નથી. આ બધી બાબતોનો વિચાર કરતાં વૈષયિક સુખ ભોગવવાની દૃષ્ટિથી દેવ-શરીર જ પ્રધાન જણાય છે. વિષયાસક્ત માનવીને જો પૌદ્ગલિક સુખની અત્યંત તૃષ્ણા હોય તો તેમને દેવલોકનું દિવ્ય વૈક્રિય શરીર મેળવવાની અત્યંત આવશ્યકતા છે; બાકી તો માનવદેહ વૈષયિક સુખ માટે અપ્રધાન હોવાથી નકામું છે.

આત્મદૃષ્ટિ વિષયવિરક્ત જીવો માનવદેહને પ્રધાન માને છે તે તાત્વિક છે, કારણ કે તેમની એવી માન્યતા છે કે આત્માનો સંપૂર્ણ વિકાસ માનવદેહ સિવાય સાધી શકાતો નથી. માનવદેહ તથા જીવનમાં આત્માનો સાક્ષાત્કાર થાય છે અને તેની તિરોભાવે રહેલી સઘળી શકિતનો આવિર્ભાવ થાય છે. આત્મા ઉપર અનાદિ કાળથી ચોંટેલા કર્મરૂપી કચરાને ધોઈ નાંખીને સ્વચ્છ બનાવવાને માટે શુકલધ્યાનરૂપી પાણીનાં ઝરણાં માનવદેહરૂપ વિમલગિરિમાંથી ઝરી શકે છે. આત્માનંદી જીવો પુદ્ગલાનંદીપણાથી મુકત હોવાથી માનવદેહની ઉત્તમતાને વૈષયિક ભાવનાથી કલંકિત કરતા નથી. તેઓ માનવજીવનનો સદુપયોગ કરીને માનવદેહની ઘણી જ કદર કરે છે અને દેવલોકના દિવ્ય શરીરો તથા વૈષયિક સુખોને અત્યંત અસાર તથા તુચ્છ ગણતા હોવાથી દેવગતિ મેળવવાની આકાંક્ષા રાખતા નથી. તેઓ વૈષયિક વિશ્વમાંથી મનોવૃત્તિને વાળીને આત્મસ્વરૂપને સ્વાધીન બનાવે છે. અને સાચા સુખ–શાંતિ તથા આનંદના અનુભવથી પૌદ્ગલિક કૃત્રિમ સુખનો સંકલ્પ સરખોયે કરતા નથી. તેઓ માનવદેહ તથા માનવજીવનને સાચી રીતે સમજતા હોવાથી અજ્ઞાનીને જે અત્યંત ઉદ્વેગ ઉત્પન્ન કરે એવા અસહ્ય દુઃખોની અવગણના કરીને કર્મની પરાધીનતામાંથી મુકાવાને મેળવેલી માનવશક્તિ તથા જીવનનો ઉપયોગ કરીને પૂર્ણ સ્વતંત્રતા મેળવવા પ્રયાસ કરે છે.

દિવ્ય દેહ વૈક્રિય હોવાથી ગમે તેટલું સારું, સુંદર અને પવિત્ર કેમ ન હોય અને વૈષયિક સુખનું પ્રધાન સાધન કેમ ન ગણાતું હોય, તોયે સમ્યગ્જ્ઞાની દેવો માનવ દેહને ઝંખે છે, કારણ કે માનવ દેહ વિના મુકિત નથી તેમજ સાચી અમરતા પણ નથી જ એવી તેમને દૃઢ શ્રદ્ધા હોય છે; માટે તેઓ દૈવી સુખમાં નીરસતા અનુભવે છે અને માનવ દેહ મેળવવાની અત્યંત ઉત્કંઠા ધરાવે છે. વધુ પડતું પાપ ભોગવવાને માટે જીવ નારક દેહ મેળવે છે અને વધુ પડતું પુન્ય ભોગવવાને માટે દેવ શરીર મેળવે છે. આ બંને દેહદ્વારા જીવો વધી પડેલાં પુન્ય તથા પાપ ક્ષય કરી શકે છે અને એવા હેતુથી જ આ બે ગતિઓનું નિર્માણ છે પણ ઊંચા પ્રકારની આત્મશુદ્ધિ માટે તથા રાગ–દ્વેષનો સંપૂર્ણ નાશ કરીને જન્મ–મરણમાંથી મૂકાવાને માટે નથી. અર્થાત્ દેવ–શરીર પુન્યકર્મથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત થયેલા પૌદ્ગલિક સુખો ભોગવવાને માટે હોય છે પણ જપ-તપ-સંયમ આદિદ્વારા ઘાતી કર્મોનો ક્ષય કરીને આત્મિક ગુણોના સંપૂર્ણ વિકાસ માટે નથી. તપ-ત્યાગ-સંયમ આદિથી સકામ નિર્જરા (કર્મક્ષય) તથા વ્યાધિ આદિથી અકામ નિર્જરા દેવદેહથી ન થઈ શકે પણ માનવદેહથી થઇ શકે છે, માટે જ સમ્યગ્‌દૃષ્ટિ દેવ માનવ દેહને ઉત્તમ માની મેળવવાની ચાહના રાખે છે અને અંતિમ સમયે માનવ દેહ મેળવવાના હેતુથી દેવદેહ છોડતાં જરાય દુઃખ મનાવતા નથી. ત્યારે અજ્ઞાની વિષયાસક્ત દેવ દૈવી સુખોમાં આસકત હોવાથી તેમને દેવદેહ છોડતાં અત્યંત દુઃખ થાય છે. દૈવી સુખોની સરખામણીમાં માનવદેહ સંબંધી વૈષયિક સુખો તુચ્છ લાગવાથી દેવદેહનો સદા સંયોગ ઇચ્છે છે પણ દેવઆયુ ક્ષય થવાથી અનિચ્છાએ પણ દેવદેહ છોડવો પડે છે અને જડાસક્તિને લઇને દૈવી આભૂષણોમાં પણ પેદા થવું પડે છે.

આ પ્રમાણે વિચાર કરતાં માનવદેહ આત્મિક સંપૂર્ણ વિકાસ સાધવાનું અદ્વિતીય સાધન હોવાથી સમ્યગ્‌જ્ઞાની જીવો માટે ઉત્તમ ગણાય છે. માનવદેહ કેવળ આત્મવિકાસ સાધવાને માટે જ જીવને મળે છે, પણ વૈષયિક સુખ માટે અત્યંત આસક્તિભાવે પૌદ્ગલિક સુખ ભોગવવાને માટે નથી. અને એટલા માટે જ સમ્યગ્‌જ્ઞાની જીવોને પૂર્વજન્મના ઉચ્ચ પ્રકારના પુન્યને લઇને ગમે તેટલી પૌદ્ગલિક સંપત્તિ કેમ ન મળી હોય અને ભોગાવલિના ઉદયથી ભોગવવી પણ કેમ ન પડતી હોય તે સમ્યગ્‌દૃષ્ટિ જીવો આસક્તિને અવકાશ આપતા જ નથી, પણ અનાસક્તિભાવે ભોગવીને અનુકૂળ સમય મળતાં સર્વ પૌદ્ગલિક સંપત્તિનો ત્યાગ કરીને માનવ દેહદ્વારા પ્રબળ આત્મશુદ્ધિથી સંપૂર્ણ વિકાસ સાધે છે. ત્યારે અજ્ઞાની જીવો પુન્યના અભાવે પૌદ્ગલિક સુખનાં સાધન મળતાં હોય તો તેને મેળવવાને તનતોડ પ્રયત્ન કરે છે અને બીજાને લાખો તથા કરોડોની સંપત્તિવાળા તથા બાગ-બંગલા, મોટર, સુંદર ભોજન, વસ્ત્રાદિ દ્વારા વૈષયિક સુખ ભોગવતા જોઇને ઝૂરે છે-અદેખાઈ કરે છે, અને પોતાને મળેલા માનવદેહને તથા માનવજીવનને નિષ્ફળ સમજે છે; પણ સદ્‌બુદ્ધિથી આત્મિક ગુણ મેળવવાના માર્ગ તરફ વળતા નથી. અને જેમને વૈષયિક સુખનાં સાધન સારી રીતે મળતાં હોય છે તેઓ તેમાં અત્યંત આસકત બનીને પોતાને પરમ સુખી તથા કૃતકૃત્ય માને છે. આવા પુદ્ગલાનંદી જીવો માટે માનવદેહ તથા માનવ જીવન કનિષ્ઠમાં કનિષ્ઠ કહી શકાય; કારણ કે સંસારમાં દેવ, તિર્યંચ તથા નારકીનાં શરીર તથા જીવનમાં જીવો ભવસંખ્યા વધારવાનો માનવ દેહ જેટલો અધ્યવસાય કરી શકતા નથી. માનવી જેટલા ઉચ્ચ અને શુદ્ધ અધ્યવસાય કરી શકે છે તેટલા જ હલકા અને અશુદ્ધ અધ્યવસાય પણ કરી શકે છે. અને અનંતા ભવ કરીને સંસારમાં રઝળ્યા કરે છે. માનવ દેહ તથા માનવ જીવન મેળવીને જો તેનો ઉપયોગ પ્રભુના માર્ગમાં રહીને શુદ્ધ શ્રદ્ધાપૂર્વક વીતરાગ દશા મેળવવાને માટે ન કરવામાં આવે તો મળેલો માનવ દેહ નિષ્ફળ છે એટલું જ નહિ પણ આત્માનું અત્યંત અહિત કરનાર છે. વિષયાસકત જીવો માટે તો તિર્યંચનો દેહ ઉત્તમ ગણાય કે જે દેહ તથા જીવનથી જીવ ભવસંખ્યા વધારી શકતો નથી; કારણ કે તિર્યંચ ગતિમાં પરાધીનપણે સકામ નિર્જરા ઘણી થાય છે. જો કે પંચેંદ્રિય મનવાળા તિર્યંચો અશુભ અધ્યવસાય તથા પ્રવૃત્તિથી પાપ-કર્મ ઉપાર્જન કરીને દુર્ગતિમાં જઇ શકે છે પણ સંજ્ઞી પંચેંદ્રિય મનુષ્યો જેટલા અશુભ અધ્યવસાય તથા પાપપ્રવૃત્તિ કરી શકતા નથી. અને ઝાડ-પાણી જેવા તિર્યંચો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગમીમાંસા

( સંગ્રા૦ મુનિ પુણ્યવિજય–( સંવિજ્ઞપાક્ષિક. )

( ગત વર્ષના પૃષ્ઠ ૨૨૦ થી શરૂ )

ઇતર દર્શનની અપુનર્બંધક દશાને પ્રાપ્ત કરવા માટે '**પૂર્વસેવા**' કારણ છે; જે ચરમાવર્તની નજદીકના આવર્તમાં સંભવિત છે. પૂર્વસેવા એટલે યોગને પ્રાપ્ત કરવા માટેની જે યોગ્યતા પ્રાપક તત્ત્વોની ઉપાસના અર્થાત્ લોકોત્તર ગુણપ્રાપ્તિની યોગ્યતા સંપાદક ગુરુ, દેવ આદિ પૂજ્ય વર્ગનું પૂજન, સદાચાર, તપ અને મુક્તિ, અદ્વેષ એ બધી ધાર્મિક વૃત્તિઓનો સમાવેશ પૂર્વસેવામાં થાય છે. ઇતર દર્શનાભિમત અપુનર્બંધક તથાવિધ ક્ષયોપશમના અભાવે મુગ્ધભાવે અન્ય દેવાદિ પ્રત્યે અદ્વેષપૂર્વક સર્વ દેવાદિને માને છે, જ્યારે જૈન દર્શનાભિમત અપુનર્બંધક શ્રી અરિહંતાદિને દેવાદિરૂપ માને છે, અને એની પૂર્વસેવા ચરમાવર્તની પ્રાપ્તિની લગભગમાં હોય છે. એટલું વિશેષ કે અપુનર્બંધકની પૂર્વસેવા નિરૂપચરિત છે, જ્યારે સુકૃતૂબંધકની પૂર્વસેવા કારણમાં કાર્યનો આરોપ કરી ઉપચરિત હોય છે. આ ઉપચરિત વસ્તુ પણ અવસ્તુ નથી, કારણ ચરમાવર્ત સામીપ્ય છે. સિવાય બીજા જીવો તો દૂરવર્તી હોઇ અસદ્ભૂત કારણ પરત્વે જ હોય છે.

પૂર્વોક્ત દૃષ્ટિઓમાં આદ્ય ચાર પ્રતિપાતિની પણ છે અને સાપાય પણ છે, જ્યારે અંતિમ ચાર અપ્રતિપાતિની છે. કદાચ શ્રેણિકાદિની માફક સાપાય હોઈ શકે, પણ એમાં માત્ર કાયિક જ દુ:ખ હોય કિન્તુ માનસિક ભાવના તો નિર્મળ જ હોય.

યોગોમાં પણ સાશ્રવતા અને નિરાશ્રવતા તથા સાપાયતા અને અનાપાયતા હોય છે. જેમાં પાપબંધની શકયતા હોય તથા કર્મબંધજનિત દુ:ખોની શકયતા હોય તેને સાશ્રવ અને સાપાય કહેવાય છે. વૃત્તિસંક્ષય યોગ તો નિરાશ્રવ જ હોય કારણ એમાં અજ્ઞાન કે વિકલ્પજન્ય વૃત્તિઓનું અસ્તિત્વ હોતું નથી. પ્રથમની ચાર દૃષ્ટિઓમાં અજ્ઞાનબાહુલ્ય હોઇ પ્રતિપાતિ સંભવિત છે. એમાં અપાય પણ સંભવિત છે. એનો અર્થ એ ન થાય કે પ્રથમની ચાર પ્રતિપાતી જ છે. અન્યથા અગ્રેતન ચારનો લાભ જ થાય નહિ. ચરમાવર્તી જે જીવો ચરમયથાપ્રવૃત્તિકરણમાં આવી ગયા હોય તે જીવો વસ્તુગત્યા આદ્ય ચાર દૃષ્ટિઓના અધિકારી બને છે. તે જીવો શાન્ત ઉદાત્તાદિ પ્રકૃતિમય હોય કિન્તુ ક્ષુદ્રત્વાદિ પ્રકૃતિમય ભવાભિનંદી જીવ આદ્ય દૃષ્ટિના વાસ્તવિક અધિકારી બની શકતા નથી. ભવાભિનંદી જીવો અચરમાવર્તમાં નિબિડ મિથ્યાત્વના ઉદયના કારણે વિવેક લોચનથી પરાંગમુખ હોય છે તથા વિપર્યાસ બુદ્ધિમંત હોય છે અને એથી માત્ર લોકાદર માટે ધર્મક્રિયાના આચરનારા હોય છે. એટલે એમનું અનુષ્ઠાન શુદ્ધ હોતું નથી, કિન્તુ કુતર્ક અને તદ્જનિત અસદભિનિવેશથી કલંકિત થએલું હોય છે. જ્યારે જે જીવો મિથ્યાત્વની મંદતાના પ્રભાવે કુતર્કથી અને મિથ્યા અભિનિવેશથી દૂર હઠ્યા હોય છતાં વિશિષ્ટ વિવેક નહિ હોવાના કારણે અનાભોગી હોય તેઓ ક્રમશઃ ચરમાવર્તની નજીકમાં આવે છે અને ભવિતવ્યતાના યોગે ચરમ યથાપ્રવૃત્તિકરણ પર્યંત પહોંચી શકે છે. (ચાલુ.)

---

સકામ નિર્જરા કરીને ઊંચે જ આવે છે, માટે પુદ્ગલાનંદી જીવો માટે આત્મ અહિત વધુ ન થવાની દૃષ્ટિથી તિર્યંચ ભવ ઠીક અને વિષય સુખ ભોગવાને દેવદેહ ઠીક; બાકી આત્માનંદી જીવો માટે સર્વોત્કૃષ્ટ આત્મશુદ્ધિનું કારણ હોવાથી માનવદેહ જ ઉત્તમ કહી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( અનુસંધાન પાના ૮ નું )

તપ અને ધ્યાનના અનંત ગુણ વિકાસ માટે બળ આપે અને સમસ્ત જીવનની પરમાત્મ-તત્ત્વ સાથે અભેદ એકતા ( Absorption ) કરાવે તેમજ મૂર્તિમાન શાશ્વત આનંદ પ્રાપ્ત કરાવી કર્મ અને કર્મફળ ચેતનારૂપ વ્યાપાર બંધ કરાવી સંપૂર્ણ **જ્ઞાન**. ચેતના પ્રકટાવે.

ઉપસંહારમાં **नमो सिद्धाणं** ના મંગલમય પદનું સ્મરણ કરી '**પુરુષાર્થસિદ્ધ્યુપાય**' ગ્રંથમાં શ્રી '**અમૃતચંદ્રાચાર્ય**' કૃત સિદ્ધ પરમાત્માના સ્તુતિ-શ્લોકને સાદર કરી વિરમવામાં આવે છે.

**कृतकृत्यः परमपदे परमात्मा सकलविषय-**
**विषयात्मा ।**
**परमानंदनिमग्नो ज्ञानमयो नन्दति सदैव ॥**

"જે કૃતકૃત્ય છે, (૪૫) લક્ષ યોજન લાંબી **સિદ્ધ**શિલા ઉપર વિરાજે છે, સકલ સ્થાવર જંગમ પદાર્થોના જ્ઞાતા છે, શાશ્વત આનંદમાં મગ્ન છે તે સર્વજ્ઞ **પ**રમાત્મા જયવંત વર્તે છે."

**ફતેહચંદ ઝવેરભાઇ.**

# શ્રી મહાવીર જિણંદ સ્તવન

( મોરે અંગનામેં આઓ મહારાજ-એ રાહ )

મોરે મંદિરિયે આઓ મહાવીર !
વીર જિન સૂનાં જીવનિયાં;
આનંદ મંગલકાર !, અંગના કીજે પાવનિયાં.
વીર જિન૦ મોરે મંદિ૦ ૧

ભક્તિકેરાં તોરનિયા બંધાઉં,
અંગિયાં રચાઉં, રંગિયાં મચાઉં;
સમતા રસ કે (૨), પુષ્પોં સે પૂજું ચરનિયાં. મંદિરિયે આઓ૦ ૨

શ્રદ્ધાકેરી આરતિયાં ઉતારું,
ભાવના જગાઉં, વાસના ફગાઉં;
બિખરે બિખરે (૨), કર્મોં કી કાલી બદરિયાં. મંદિરિયે આઓ૦ ૩

મૈત્રીકેરી બાંસુરિયાં બજાઉં,
ધૂનકો મચાઉં, મનકો નચાઉં,
દિલસે દીજે (૨), **દક્ષ** કો મુક્તિ નગરિયાં. મંદિરિયે આઓ૦ ૪

**મુનિ મહારાજશ્રી દક્ષવિજયજી મહારાજ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય

( ૩૭ )

**વખતસર કામ કરી લે–Timely action.**

**જ્યાં સુધી આ શરીર–કલેવર ઠીક ઠીક વર્તે છે, જ્યાં સુધી ઘડપણ દૂર છે, જ્યાં સુધી ઇંદ્રિયોની શક્તિ ક્ષીણ પડી ગઇ નથી અને જ્યાં સુધી આઉખું પરવારી બેઠું નથી— ત્યાં સુધી આત્માના શ્રેય માટે માણસે ખૂબ પ્રયાસ કરવો ઘટે; બાકી ઘરને આગ લાગ્યા પછી કૂવો ખોદવો–એ પ્રયત્ન તે કેવો ગણાય ?**

અત્યારે તારા હાથ પગ ચાલે છે, આંખો કામ આપે છે, માઇલ બે માઇલનો પંથ તું કાપી શકે છે, બે ચાર દાદરા ચઢી શકે છે, બે દહાડા ઓછું ખાવાનું મળે કે નકોરડા ખેંચી કાઢવા પડે તો ચલાવી શકે તેમ છે, ઉજાગરા કરી શકે તેટલી શક્તિ છે, કુદરતી હાજત કે તરસને ખેંચી શકે તેમ છે–આવી તારી ઠીક ઠીક શરીરશક્તિ વર્તે છે તેનો **લાભ લઇ લે.** તને આ ઉપરાંત શારીરિક અનેક લાભો હશે તે તું ગણી લેજે અને તેનો ઉપયોગ કરી લે, તેનો બદલો શરીર પાસેથી વાળી લે, તેનો **કસ કાઢી લે.**

અને જો હજી તને ઘડપણ નથી આવ્યું, તને ઊંબરો મોટો ડુંગર નથી થઇ પડ્યો, હજી પગમાં વા' નથી આવ્યો, હજુ પક્ષઘાતથી કે મીઠી પેશાબથી શરીર દોદળું નથી થઇ ગયું, હજુ આંખે મોતૈયા આવવા માંડયા નથી ત્યાં સુધીમાં તારી શરીર-શક્તિનો લાભ ઉઠાવી લે, તારી જુવાની કે પુખ્ત ઉંમરનો કસ કાઢી લે, તારી ચાલતી ગાડીનો મજો માણી લે અને એ ગાડી અટકે તે પહેલાં તેના ખુરદા કરી લે અને અત્યારે તારી સર્વ ઇંદ્રિયો સાબૂત છે, કાનમાં બહેરાશ નથી, આંખમાં ઝાંખ નથી, સ્વાદમાં ફીકાશ નથી, શરીર પર સોજા નથી, નાકમાં ગંધ જીવતીજાગતી છે ત્યાં સુધી તેનો લાભ ઉઠાવી લે, તેને પાળેલ, પોષેલ અને જમાવેલ છે તે માટે લીધેલ તસ્દીનો બદલો લઇ લે.

અને તારી વયના તો કંઇક ચાલ્યા ગયા. જેની સાથે રમ્યો, હાલ્યો, માણ્યો, રખડ્યો, નાગો ફર્યો તેમાંનાં કંઇક સ્મશાનમાં પોઢી ગયા. તું હજુ **જીવતોજાગતો** બેઠો છે, તો તેનો લાભ ઉઠાવ. અને લાભ ઉઠાવવામાં તારું પોતાનું શ્રેય થાય તે કર, અને શ્રેયમાં પણ **લાંબી નજરે જો.** પરમ શાંતિ ચિરકાળ માટે મળે અને તારા આ રખડ-પાટા મટી જાય તેવો તેનો લાભ લઇ લે. તારાં શરીર, આવડત, મગજ અને અનુકૂળતાઓનો સારો ઉપયોગ કરી લે અને આ ભવનો ફેરો સફળ કર. બાકી જ્યારે **કાકાનું તેડું** આવશે ત્યારે તું કાંઇ કરી શકીશ નહિ. પછી તે વખતે તને પસ્તાવો થશે કે આ કામ રહી ગયું કે પેલું કર્તવ્ય રહી ગયું, એ આવશ્યક ન થયું અને પેલું ઉદ્દવહન રહી ગયું. આવી અનેક વાત મનમાં રહી જશે અને પછી દોડાદોડમાં ખમત-ખામણા કરવા મંડી જઇશ કે માથા પછાડી પસ્તાવો કરીશ એમાં કાંઇ વળશે નહિ. એ કાકાનો હુકમ કયારે છૂટશે અને કેવા સંયોગોમાં છૂટશે, એ છૂટશે ત્યારે તું સાવધ હોઈશ કે બેભાન કે બેફામ હોઇશ–એ કોઇને ખબર નથી અને એ વખતે પછી તું સ્મરણ કરવા મંડી જઇશ કે વસીયતનામું લખાવવા મંડી જઇશ એમાં કાંઇ વળશે નહિ. ઘરને આગ લાગ્યા પછી કૂવો ખોદવાનું કામ તે ડાહ્યો માણસ કરે ? માટે અત્યારે બને તેટલો લાભ લઇ લે, મળેલી અનુકૂળતાનો બદલો વાળી લે અને તારું પરમ શ્રેય થાય તે માર્ગ પકડી લે. અત્યારે કરેલી સેવા, દીધેલ દાન, સ્વીકારેલ ત્યાગ, આદરેલ સંયમ અને પાળેલ બ્રહ્મચર્ય તારી પડખે ટેકો આપશે. બાકી છેલ્લી ઘડીની દોડાદોડીમાં કાંઇ ભલીવાર નહિ થાય, માટે છે તેનો સારા વખતમાં સ્થાયી લાભ લઇ લે. આનું નામ ધર્મકૌશલ્ય કહેવાય. એ તું નોંધી રાખજે અને આવો અવસર ફરી ફરીને નહિ મળે તે નોંધી રાખજે.

---

**यावत्स्वस्थमिदं कलेवरगृहं यावच्च दूरे जरा, योवच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः ।**
**आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्, प्रोद्दीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥**

**ભર્તૃહરિ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અધ્યાત્મ રસ. Subjectiveness.

**અધ્યાત્મ શાસ્ત્રના અભ્યાસથી થયેલા સંતોષ સુખનો અનુભવ કરનાર પ્રાણી રાજાને ગણતો નથી, લક્ષ્મી આપનારને ગણતો નથી. અરે ખૂદ ઇંદ્રને પણ ગણતો નથી.**

આત્મા સંબંધી હકીકત તે **અધ્યાત્મ.** એના રસમાં જે પડ્યો હોય તે પોતે **પોતાનો માલીક** છે, પોતાનો શેઠ છે, પોતાનો સરદાર છે, પોતાનો ઉપરી છે, પોતાનો સર્વસ્વ છે. સાચા અધ્યાત્મીની દશા ઓર જ હોય. દુનિયા એને બાવરો કહે, બેવકૂફ માને, અવ્યવહારુ માને કે ઘેલો ગણે એની એને પરવા કે દરકાર હોતી નથી. એની નજર સામે પડતી નથી, એને અન્યના અભિપ્રાયો સાંભળવાની પડી હોતી નથી, એને પોતા માટે બીજાઓ શું ધારે છે કે કેવું બોલે છે તે જાણવાની જિજ્ઞાસા હોતી નથી. એ તો એના **તાનમા** ચાલ્યો જાય, એની **મસ્તીમાં** મસ્ત રહે, આંતર **વિચારણામાં** મગ્ન રહે અને દુનિયાના માનમરતબા, અભિનંદન, પ્રશંસા કે પ્રમાણ પત્ર તરફ નિરપેક્ષ રહે. એને વ્યવહાર કે વ્યવસાયની કાંઇ પડેલી હોય નહિ, એને વેધવચકા જાળવવાનાં ન હોય, એને અન્યના મત જાણવાની તમન્ના ન હોય, એને દુન્યવી અભિપ્રાયનાં મૂલ્ય ન હોય, એટલે એની નજરમાં રાજા મહારાજા શેઠીઆ કે ઇંદ્ર તરફના કે તેમના સંબંધીના વિચાર જ ન હોય, એની એને તમા ન હોય, એના તરફ એના ખ્યાલાત પણ ન હોય અને તેઓ પોતાને નવાજશે કે ભેટશે એવી કોઇ પ્રકારની આકાંક્ષા કે અપેક્ષા એને ન હોય. એને જંગલમાં ફરતાં ભય ન હોય, એને નીરસ ભોજન કરતાં ક્ષોભ ન હોય. એને પોતાના વિકાસ સંબંધી જ વિચારણા અંદરખાનેથી નિરંતર ચાલ્યા કરતી હોય, ત્યાં પુદ્ગલાનંદ, શરીરવિભૂષા, ઇંદ્રિયના વિષયો તરફ આકર્ષણ કે સાંસારિક માન સ્નેહ દંભ કે ગૂંચવણનું એનામાં તત્ત્વ કે એનો અંશ પણ ન હોય.

આવા અધ્યાત્મના રંગમાં રંગાયલા સાચા અધ્યાત્મીઓ પોતાના આત્માનો વિકાસ સાધે છે. ઉત્તરોત્તર આગળ વધતા જાય છે અને નિરપેક્ષ ભાવે દુનિયાને **આદર્શ દાખલો** આપતા જાય છે. એના ઉચ્ચ વ્યવહાર, વિશુદ્ધ વ્યવસાય અને આદર્શ જીવન અનુકરણીય બને છે. આવા અધ્યાત્મનો વારંવાર અભ્યાસ કરવો, ફરી ફરીને તેની ભાવના કરવી, તેનો ઊંડો ભાવ વિચારવો અને પોતામાં તેનો સ્પર્શ થયો હોય તો યોગ્ય પાત્રને તેનો વિભાગ આપવો, લાયકને તેનો ભાગી બનાવવો.

બાકી **અધ્યાત્મની વાત કરનારા** અધ્યાત્મી છે એમ હંમેશા ધારી લેવું નહિ. એમાં દંભ અને માયા ઘણી વાર કામ કરે છે અને કેટલીક વાર તો પ્રાણી **આત્મવંચના** કરી પોતાની જાતને પણ છેતરે છે અને ઘણી વાર પોતે અધ્યાત્મી છે એમ માનવાને લલચાઇ જાય છે. આવી આત્મવંચનાથી બચી જવા જેવું છે. 'એમ કહે સાધ્યું નહીં માનું, એ કહીં વાત છે મોટી' એમ આનંદઘન મહારાજ કહે છે એ વાતમાં ઘણું રહસ્ય છે. સાથે અધ્યાત્મ અશક્ય છે, અપરંપાર છે, અગમ્ય છે એમ પણ માનવું નહિ. બાકી ''**એ કહી વાત છે મોટી**' એ તો સાચી જ વાત છે. અને છતાં એ મોટી વાતમાં જ **જીવનનો સાચો રસ** છે, સંસાર–યાત્રાની સફળતા છે, સાધ્ય સન્મુખ પ્રયાણ છે અને સમતા રસનાં કચોળાં છે. જ્યારે ધનવાનોના ઢગલા કે રાજાનાં રાજ્ય તરફ સમાનભાવ આવે, જ્યારે પરિગ્રહ પર ઉદાસીનતા આવે, જ્યારે વિષયકષાય તરફ અંદરની અરુચિ થાય, જ્યારે વ્યવહાર તરફ ઉદાસીનતા થાય, જ્યારે સામાનો વાંક કે ગુન્હો જોવાને બદલે તેની સાંસારિક દશા તરફ ઉપેક્ષા થાય, જ્યારે ચાલુ વ્યવહાર તરફ ઉદાસીનતા થાય, જ્યારે પોતાને નુકસાન થાય ત્યારે પણ સમભાવ રહે અને જ્યારે નિજાનંદની **મસ્તી** જાગતી રહે ત્યારે અધ્યાત્મ શાસ્ત્રના સુખનો આસ્વાદ આવે છે અને પછી તો આખું દષ્ટિબિન્દુ જ પલટાઇ જાય છે, પછી સામે જોવાને બદલે **અંદર જોવાની રીત** આવડી જાય છે અને પછી આખા સંસાર વિસ્તારનો પ્રપંચ સમજાતો જાય છે, પરભાવની પરિસ્થિતિ ઓળખાય છે અને પછી જે મોજ આવે છે તે લખવાના શબ્દો નથી, બતાવવાનાં ચિહ્નો નથી, સમજાવવાનાં પ્રસંગો નથી. પણ એ તો આંતર રાજ્યના વિલાસો છે. '**ખોજી હોય સો પાવે**' એટલે એ અગમ્ય નથી, પણ એની ખોજ જોઇએ, એ માટે તમન્ના જોઇએ, એની તાલાવેલી લાગવી જોઇએ. આ ધર્મ કૌશલ્યનું કેંદ્ર છે.

---

**अध्यात्मशास्त्रसम्भूतसन्तोषसुखशालिनः । गणयन्ति न राजानं न श्रीदं नापि वासवम् ॥**

**શ્રી યશોવિજય ઉપાધ્યાય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આશા–Hope.

**જો તને સુખની, ધર્મની કે મુકિત સામ્રાજ્યની ખેવના હોય તો પારકાની વસ્મેલી ચીજોમાંથી માત્ર એક આશાને વશ કર.**

**આ** જીવનમાં પારકાની બક્ષીસો તરફ તું નજર રાખે છે. કોઇએ તજેલ, ખોયેલ કે તને સાંપડેલ ચીજો મળે ત્યારે તેમાં તું રાજી થાય છે, પારકાની ફેંકી દીધેલ વસ્તુ તને મફતમાં મળી જતી હોય તેના તરફ તારી સ્પૃહા રહે છે, પણ જો તને ખરા સુખની, સાચા ધર્મની કે સર્વ સંયોગથી મુક્તિ મેળવવાની ઇચ્છા હોય, તને એમાંની કોઈ પણ ચીજ માટે સાચી લગની લાગી હોય તો **પારકાની આશા પરનો તારો તાંતણો તોડી નાખ,** પરવસ્તુ કે પરવ્યક્તિની આશાના દોરને કાપી નાખ અને પછી તને સર્વ સંયોગોમાં ખૂબ મજા આવશે, તારા જીવન પરનો બોજો હલકો થઇ જશે, તારી માનસિક પરિસ્થિતિમાં મોટો પલટો આવી જશે અને તારા સંસાર ચકરાવાની પરિધ નાની થઇ જતી તને પોતાને દેખાશે.

અને **આશાના પાશમાં બંધાયલા પ્રાણીઓ** કેવા કેવા ચેનચાળા કરે છે! કેવાં ધાંધલો અને હલામણો કરે છે? કેવા ઘટતા અણઘટતા દોડા અને આંટા કરે છે? આશાના પાશમાં બંધાયલો પ્રાણી મોટાની ખુશામત કરે, રાજા મહારાજાની હામાંહા મેળવે, શેઠ સોદાગરના અણઘટતા હુકમોનો અમલ કરે અને અનેક ન કરવાનાં કામ કરે. અહીંથી મળશે, ત્યાંથી મળશે, પણેથી મળશે એવી આશામાં એ દોડાદોડ અને તગડાતગડી કરે અને રાતદિવસ મોડું વહેલું ન જોતાં ખેંચાયા જ કરે, ખેંચ્યા જ કરે, પડયો બોલ સાચાખોટાંની તુલના કર્યા વગર ઉપાડી લે અને લાંબોલલ થઈ જાય. કૂતરાને રોટલી બતાવી ટગાવવામાં આવે તે પ્રકારે આશાના દોરે લટકાયલો માણસ આશામાં ને આશામાં તણાતો જાય, એના વેʼમાં તણાતો ખેંચાતો જાય અને પકડાયલી માછલી પેઠે તડફડતો જાય, છતાં ઉપરથી એક બે ટીપાં જરૂર પડશે એ આશામાં એ મધુબિંદુના દૃષ્ટાંતમાં લટકતા માણસની પેઠે બરાબર વર્તે અને કાંઇક મળશે, થોડું પણ મળશે એ આશામાં અધમનાં પડખાં સેવે, અયાગ્યનાં મોઢાં બોલાવે, નીચની ઉપાસના કરે, ચારિત્રમાં અતિ હીન થઇ ગયેલાંને પસવારે અને વિવેકવાનને વિચિત્ર લાગે તેવું વર્તન કરે.

માટે **આશાને સર્વ દોષની પ્રાથમિક ભૂમિકા** ગણી છે. આખો સંસાર આશા ઉપર રચાયલો છે. મનુષ્ય ભવમાં તો આશા ખૂબ જ ભાગ ભજવે છે. વેપારીને, વૈદ્યને, વકીલને અને દરેક ધંધાદારીને આશા ઘરાક પર હોય છે તો દાસ દાસી નોકર કે અમલદારને ઉપરી અધિકારીની આશા હોય છે. તે પ્રમાણે નિશાળથી માંડીને ગમે ત્યાં જવું થાય કે ગમે તે સંયોગો કલ્પાય, તેમાં આશાના અંશો જરૂર તરી આવશે. આ આશા છૂટી એટલે અર્ધ સંસાર છૂટી ગયો સમજવો. ખરૂં સામ્રાજ્ય સ્વરાજ્ય કે સ્વાતંત્ર્ય મેળવવા માટે આશા દાસીના **પાશમાંથી મુકિત મેળવવાની આવશ્યકતા** છે. આશાને મહાન લેખકોએ રાક્ષસી કહી છે, સર્પણી કહી છે, મદિરા કહી છે, વિષમંજરી કહી છે, વાફરેલી વાઘણ કહી છે અને એને અનેક અધમ ઉપનામોએ સંબોધી છે એમાં જરા પણ અતિશયોકિત નથી. એ વાત આશાને, આશાના તંતુને, આશાના પાશને બરાબર સમજવામાં આવે તો બરાબર સમજાઇ જાય તેવી છે. આશામાં તણાયલો પ્રાણી એવા જોખમો ખેડે છે, એવી ભૂલો સહન કરે છે, એવા મહેણાંટોણાં સાંભળે છે અને પોતાની જાતને એટલી નીચી ઉતારી પાડે છે કે એને માટે ગમે તે શબ્દ વપરાય તે યોગ્ય છે. તે જાતે ઘણી મીઠી છે, મોહક છે, ઘેન ચઢાવનાર છે, જાતને ભૂલાવનાર છે અને ઘણી અદૃશ્ય રીતે અંદરખાનેથી કામ કરનાર છે.

આવી **આશાને** વશ કરી, એટલે પછી રસ્તો સાફ થઇ જાય છે, પછી પ્રગતિ કૂદકે અને ભૂસકે થતી જાય છે, પછી આળપંપાળ મટી જાય છે, પછી પારકી દયા પરના જીવનનો છેડો આવી જાય છે અને મનમાં એક એવી જાતની ખુમારી આવી જાય છે કે જેમાં અભિમાનનો અંશ ન હોવા છતાં પ્રાણી પ્રવાહથી અલગ થઇ જાય છે. **ધમ કૌશલ્ય** પ્રાપ્ત કરવાની તમન્નાવાળાએ આ જગતને સંમોહિત કરનારી આશા પર વિજય મેળવવાનો અને તેને સ્વવશ કરવાનો આદર્શ રાખવો ખાસ જરૂરી છે. એમાં એની ગુંચવણોનું નિરાકરણ છે અને અખંડ સામ્રાજ્યનું સમીકરણ છે.

---

**यदीच्छसि सुखं धर्मं मुक्तिसाम्राज्यमेव च। तदापरपरीहारादेकामाशां वशीकुरु ॥**

For Private And Personal Use Only

## ફલવંચકતા–Fruitlessness.

## મુનિઓએ કર્યાં તે જ સઘળાં કામો–કર્મો કર્યાં પણ ફળમાં વંચના થઇ–રખડી પડયાં.

**ભર્તૃહરિએ** વૈરાગ્યશતકમાં ઉપરનો અર્થાંતર ન્યાસ કરીને તેની તેની ઉપર કેવાં કર્મો કર્યાં તેના થોડાં નામો આપ્યાં છે અને પછી બતાવ્યું છે કે મુનિ કરે છે તેવાં કામો કર્યાં, પણ આપણને તો ઘર દી ને ઘર દહાડાં રહ્યાં છે. આપણે ત્યાગી, સંન્યાસી, વૈરાગી, મુનિનાં કામો તપાસીએ અને આપણા પોતાનાં જોઇએ, તો તેમાંનું એક પણ કામ આપણે ઓછું કરતાં નથી એ તુરત જણાઇ આવશે અને છતાં આપણે તો જ્યાંનાં ત્યાં જ છીએ. જુઓ, મુનિ કે ત્યાગી **ક્ષમા** ધારણ કરે છે, આપણે પણ શેઠીઆના મિજાજ, ઉપરીના હુકમો અને અજ્ઞાનીનાં મહેણાં ખમી ખાઇએ છીએ. મુનિ **તપ** કરી શરીર સૂકવે છે; આપણને કામમાં મોડું થઇ જાય, રસોયો નાસી જાય, બૈરીને અડચણ હોય તો અનેક વાર ભૂખ્યા રહીએ છીએ, અધૂરા રહીએ છીએ, શુકરવારિયા ચણા કે ગાંઠીઆનો આશ્રય લઇ ચલાવી લઇએ છીએ. વૈરાગી મુનિ **પગે ચાલે** છે, આપણે પણ આખો દિવસ પગો ઘસતાં કે પગને ઘસડતાં ચાલીએ છીએ. મુનિ પોતાના **પરિગ્રહનો ત્યાગ** કરે છે, આપણે પણ દેવું દેવામાં, નાદારી પતાવવામાં કે ટાંચ લાગે ત્યારે પૂર્ણ ત્યાગ કરીએ છીએ. મુનિ **શીત** ઉષ્ણ આદિ અનેક પરીષહો સહન કરે છે, આપણે પણ ખરે બપોરે છત્રી વગર આંટા મારી સૂર્યદેવની આતાપના લઇએ છીએ કે શિયાળામાં ઠંડીના સુસવાટા કરતાં તાપણી પાસે હાથ ધરીએ છીએ. મુનિ પોતાના ઉપાસ્ય દેવ કે આદર્શનું **ધ્યાન** કરે છે, આપણે પણ આપણા ઉપાસ્ય દેવ ધન–વિત્તનું ધ્યાન કરીએ છીએ. મુનિ મર્યાદિત **કપડાં** રાખે છે, આપણે પણ બે પાંચ ધોતિયાં કે પાંચ સાત પહેરણ રાખીએ છીએ. મુનિ ભાતપાણીનો **આહાર** કરે છે, આપણે પણ રોટલી દાળભાતનો આહાર કરીએ છીએ. મુન ભાઇભાંડુનો **સંબંધ** છોડી દે છે. આપણે પણ ભાઇભાંડુ સાથે ફારગતી કરી ગોળાનાં પાણી સુદ્ધાં હરામ કરીએ છીએ. મુનિ એષણીય **આહાર** લે છે, આપણે પણ ખાવા યોગ્ય આહારનો જ ઉપયોગ કરીએ છીએ. મુનિ **બ્રહ્મચર્ય** પાળે છે, આપણે પણ સ્ત્રી પરદેશ જાય, તેની સાથે અબોલાં થાય કે વાંધો પડે ત્યારે અર્ધ બ્રહ્મચર્ય પાળીએ છીએ. ત્યારે આપણાં કર્મોમાં અને મુનિનાં કર્મોમાં ફેર શો ? એ કરે છે તે જ બધું આપણે કરીએ છીએ.

ભૂખમાં અને સહન કરવામાં, રખડપાટામાં અને બોલીચાલીમાં આપણે પણ અનેક પ્રકારે મુનિ જેવાં જ હોઇએ છીએ. મુનિ **વાણીનો સંયમ** રાખે તો આપણે મહાજનમાં, સભામાં, સમાજમાં ચૂપ થઇ બેસી જઇએ છીએ. મુનિ **જોઇને ચાલે** તેમ આપણે પણ ખાડાખડિયા સંભાળી પગ મૂકીએ છીએ. મુનિ એક ગામથી બીજે **જાય** તેમ આપણે પણ સામાન લઇ બહારગામ જઇએ છીએ. મુનિ હાલે, ચાલે, બોલે, જંગલ જાય, તે સર્વ આપણે પણ કરીએ છીએ. મુનિ **વહેલાં ઊઠે** તેમ આપણે પણ રેલ્વે, બસ કે ટ્રામ પકડવા ઘણીવાર વહેલા ઊઠીએ છીએ. મુનિ ચોળપટ્ટો કે કૌપીન **પહેરે** તો આપણે ધોતિયું કે સાડી પહેરીએ છીએ. ત્યારે આમાં વાંધો કયાં આવ્યો ? અને ફેર શો રહ્યો ? મુનિ કોઇ કામ એવું નથી કરતાં જે આપણે એક યા બીજા આકારમાં નહિ કરતા હોઇએ.

અને છતાં ફળની નજરે જોઇએ તો આપણો ને એનો મેળ જ ન ખાય. સમાન ક્રિયા બાહ્ય નજરે અનેક બાબતમાં એક સરખી હોવા છતાં આપણાં **આશયભેદ**ને લઇને આપણે સંસાર વધારીએ છીએ, ત્યારે એ સંસારને ઘટાડી આત્મવિકાસ કરતાં જાય છે. આપણે ધન, માલ, હવેલી, ગાડી, વાડીમાં રત થઇએ છીએ ત્યારે એ વસ્તુને આત્મવિકાસનું સાધન ગણી તેનો તે માર્ગે ઉપયાગ કરે છે. આપણી ભૂખમાં, ક્ષમામાં, સહનશીલતામાં, રખડપટીમાં અને ઉપર ગણાવલી સર્વ પ્રવૃત્તિમાં આપણો આશય પૌદ્ગલિક હોય છે, સાંસારિક હોય છે, પરભાવનો હોય છે. એટલે આપણી એકે વાત જામતી નથી, ચોંટતી નથી, સ્થિર થતી નથી, લાંબી રાશે લાભ કરાવનાર થતી નથી; ત્યારે એમની દરેક પ્રવૃત્તિ પાછળ સ્વભાવ તરફ રમણ હોઇ, વસ્તુ કે ક્રિયાનો ઉપયોગ સાધન તરીકે માત્ર લાભ લેવા પૂરતો જ હોઇ એની અને આપણી ફળપ્રાપ્તિમાં જમીન આસમાનનો ફેર પડે છે. આશય ફરી જાય, દિશા બદલાઇ જાય, સુકાન પર કાબૂ આવી જાય, તો આપણે પણ તુરત કક્ષા બદલી શકીએ. આશય બદલવાની જરૂર છે. બાહ્યમાં મુંઝાવા જેવું નથી. આ જીવ પોતે મુનિ મહંત થઇ શકે છે. આશય બદલો, ઉદ્દેશ બદલો.

**મૌક્તિક**

---

**तत्तत्कर्म कृतं यदेव मुनिभिस्तैस्तैः फलैर्वञ्चिताः ॥** — **ભર્તૃહરિ ચતુર્થપાદ.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાન ગીતા શતક.

( ગતાંક પુષ્ઠ ૧૭૮ થી શરૂ )

જગતમાં વિચિત્રતા, આતમની પવિત્રતા, દષ્ટિમાં ન દરિદ્રતા, સવળું દેખાય છે.
દ્રવ્ય ગુણ પરયાય, છ એ દ્રવ્ય ધરતાય, વિચિત્રતા પરખાય, ભ્રમ નહીં થાય છે.
પૂદ્ગલ પરમાણું, દ્રવ્ય વસ્તુનાં છે આણુ, જ્ઞાનીને દેખાય ઘણું, તેથી ન મોહાય છે,
જગત કે દ્રવ્યતણો, કરતા ન કોઇ ગણો, અનાદિ અનંત જાણો, પર્યાયો પલ્ટાય છે. ૩૭
અધ્યાતમ રસ ચાખી, નિશ્ચયનું લક્ષ રાખી, આતમાની ગ્રહી સાખી, વ્યવહારે વર્તીએ,
કરમને વશ જીવ, રાચે મોહમાં સદીવ, ભરમથી ભૂલી જીવ, અજીવ ન ગ્રહીએ.
પરમાત્મા જિન રૂપ, એજ છે તારૂં સ્વરૂપ, બહિરાત્મ ત્યાગી ભૂપ, અંતરાત્મ જઇએ,
વિષય કષાય આદિ, મોહ રાજાતણી ગાદી, કુમતિ બની છે દાદી, તેનો સંગ તજીએ. ૩૮
સુમતિ શિયળવંતી, સદાય સૌભાગ્યવંતી, હોય જ્યાં એ ગુણવંતી, સુખી તે જણાય છે,
હોય કુલટા કુમતિ, થાય તેનો જેહ પતિ, કરતી મલિન મતિ, દુઃખી બહુ થાય છે,
સુમતિનો સંગ કરો, તેની પર પ્રીત ધરો, કુમતિને દૂર કરો, શાંતિ તો પમાય છે,
સુમતિનું સગપણ, દૂધમાંહી ગળપણ, આવે નહિં ધડપણ, આનંદ છવાય છે. ૩૯
ચાહે રહો સંસારમાં, ચાહે તો વનવાસમાં, પણ જેહ આતમામાં, વસે તે વખાણીએ,
ધરમનું ધરી અંગ, કરમને કરો તંગ, નાટકના ત્યાગી રંગ, આતમ પિછાણીએ;
આતમ વસંત બાગ, ફરવા મળ્યો છે લાગ, લે છે ભલી ભાત ભાગ, સુખી તેને ગણીએ,
અગમ્ય અગોચર છે, અનુભવગોચર છે, પરભાવથી પર છે, ભલીભાતે જાણીએ. ૪૦
અમનસ્ક યોગ કરી, આસકિતને દૂર કરી; નિર્વિકલ્પ ધ્યાન ધરી, અનુભવ લઇએ.
શુદ્ધ ચિદ્દરૂપ હું છું, પરભાવ રહિત છું; સ્વભાવ સહિત હું છું, એવો ભાવ ગ્રહીએ.
જ્ઞાન છે સ્વરૂપ મારું, પરદ્રવ્યથી તે ન્યારું; મારું રૂપ મને પ્યારું, સ્વભાવમાં ઠરીએ.
સ્થિર થતાં ચિત્ત ધ્યાન, પ્રગટશે આત્મભાન; ચેતના મધુર ગાન, ચેતનજી સુણીએ. ૪૧
વૃત્તિઓ વિદાય થાય, શાંતિ ચિત્તમાં સ્થપાય; આનંદી આતમરાય, આરામ ને પામતો.
પરની પ્રવૃત્તિમાંય, વૃત્તિઓ કરે ચડાય; રાગ દ્વેષની લડાય, જંગ ત્યાં તો જામતો.
જોવે અને જાણે બધું, પીડામાં પડે ન વધુ; શાંત સુધારસ મધુ, રસાયણ ચાખતો.
જ્ઞાન અને દષ્ટાપણું, જોવું અને જાણપણું; સ્વભાવ એ નિજગણું, એમાં ચિત્ત રાખતો. ૪૨
અનુભવી અનુભવ, જાણી શકે અન્ય નવ; આ ભવ કે પરભવ, પોતાથી જણાય છે.
સુખ દુઃખ જેહ સહે, અનુભવ તેહ લહે; ઉપચારે બધું કહે, જે અનુભવાય છે.
કેદમાં જે હોય કેદી, છૂટે તેહ કદી જે દી; યાતના શું તેણે વેદી, તેને સમજાય છે.
વિષયી વિષય સેવે, સુખ અનુભવ લેવે; ઉપમા ન અનુભવે, આપી એ શકાય છે. ૪૩
ધ્યાનતણું સ્વયં સુખ, લાગે જેને જ્ઞાન ભૂખ; તેહ સમતાની કૂખ, લેવા લલચાય છે.
જેને નહિં ગમે દુઃખ, તેહ ધરે ધ્યાન મુખ; સ્વાનુભવ રૂપ સુખ, પોતાથા પમાય છે.
ધ્યાન સુખ લેવું હોય, એકાંતે વસવું જોય; ઉપસર્ગ થાય તોય, ડગી ન જવાય છે.
ઉપસર્ગ થાય જ્યારે, કરમ ખપે છે ત્યારે; સમભાવ ધરી પ્યારે, ધ્યાનને સધાય છે. ૪૪

---

રચયિતા—અમરચંદ માવજી શાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી સંઘપતિ ચરિત્ર માટે "અભિપ્રાય"

શ્રીજૈન આત્માનંદ સભાના સેક્રેટરી સાહેબો
ભાવનગર

શ્રી સંઘપતિ ચરિત્રની બુકો મલી ગયેલ છે. પુસ્તક ઘણુંજ સુંદર રીતે બનેલ હોઇ ધર્મપ્રેમી આત્માઓ સારો લાભ લેશે.

જે તકલીફથી આ પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે તે માટે હું આભારી છું. કામકાજ લખશો.

લી० શુભેચ્છક
**જીવતલાલ**ના પ્રણામ

**નોટ**–ઉપરોકત પ્રમાણે આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર રાવબહાદુર **શેઠ સાહેબ જીવતલાલભાઇ પ્રતાપશી** ઉપર પ્રમાણે તેનો જે સુંદર સત્કાર કરી અભિપ્રાય આપ્યો છે, તે માટે આ સભા પોતાનો આનંદ વ્યકત કરે છે અને આ સભા પ્રમાણિકપણે જ્ઞાનભકિત માટે સહાય–ભેટ આપનાર ધર્મપ્રેમી બંધુઓને સંતોષ આપવા તેમજ સભાના દરેક સેવાના કાર્યોમાં તે રીતેજ પ્રમાણિકપણે ફરજ અદા કરવા માગે છે.

સેક્રેટરીઓ
**શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.**

# વર્તમાન સમાચાર

## સત્કાર–સમારંભ.

કુમારી ધૈર્યબાળા છગનલાલ એમ. એ. માં અર્થશાસ્ત્રના વિષયમાં ઊંચ નંબરે પાસ થતાં તેમને અભિનંદન આપવાનો એક મેળાવડો આ સભા તરફથી પ્ર. શ્રા. શુ. ૩ રવિવારે બપોરના શ્રી ભોગીલાલ લેકચર હોલમાં માસ્તર મીલના જનરલ મેનેજર **શ્રીયુત રમણિકલાલ** ભોગીલાલભાઇના પ્રમુખસ્થાને થયેલ જે વખતે પ્રો. ભરૂચા સાહેબ, ધારાસભાના સે. છબીલદાસભાઇ, શ્રીયુત રણછોડભાઇ ગાંધી વિગેરે જૈન જૈનેતર આગેવાનોની હાજરી સારા પ્રમાણમાં હતી. શરૂઆતમાં સભાના સે. શ્રી **જાદવજી** ઝવેરભાઇએ આમંત્રણ પત્રિકા વાંચ્યાબાદ સે. શ્રી **વિઠ્ઠલદાસ** મૂળચંદ શાહ B. A. એ પ્રમુખસ્થાન માટે દરખાસ્ત મૂકી હતી. તેને સભાની ટ્રેઝરર શેઠ અમૃતલાલ છગનલાલભાઈએ ટેકો આપેલ. **ત્યાર બાદ સભાના મુખ્ય સેક્રેટરી શ્રીયુત વલ્લભદાસભાઇ** ત્રિભોવનદાસ ગાંધીએ જણાવ્યું કે–સભા તરફથી ઘણા મેળાવડા થાય છે પણ આજના મેળાવડામાં બ્હેનોની હાજરી હોઇ એ વિશિષ્ટતા છે. પ્રમુખશ્રી રમણીકલાલભાઇ લક્ષ્મીપતિ, કુ. ધૈર્યબાળા કેળવણીપ્રેમી અને આ સભા સાહિત્યરસિક છે આ રીતે ત્રિવેણી સંગમનો આજે સુયોગ થયો છે.

આજના મેળાવડાના પ્રમુખ શ્રી શેઠ સાહેબ **રમણિકલાલભાઇ**ને સ્વયં ઓળખાવ્યા સિવાય હું રહી શકતો નથી. તેમના પૂજ્ય પિતાશ્રી **ભોગી**લાલભાઇ નિવૃત થયા બાદ માત્ર બે ત્રણ વર્ષમાં તો રમણિકલાલભાઈ એક ખરેખરા ઉદ્યોગપતિ થયા છે. બે મીલોનું કાર્ય શેઠ સાહેબ ભોગીલાલભાઇ કરતાં ઘણાં થોડા વર્ષમાં સંભાળી લઇ, ઉદ્યોગપતિ તરીકે પ્રશંસાપાત્ર બની નામના મેળવી છે. તેઓની આકૃતિ તેઓના ગુણોને બતાવે છે. "શ્રાદ્ધગુણવિવરણ" ગ્રંથ જેમાં જૈન શ્રાવકોના ગુણના વર્ણનોમાં **आकृति गुणान् कथयति** એવું એક સૂત્ર છે. આકૃતિ ગુણને બતાવે છે તે સત્ય છે. તે રીતે શેઠ રમણિકલાલભાઈમાં સૌમ્યતા, સૌજન્યતા, સૌંદર્યતા અને ઉદારતા એ ગુણોનું સરખું મિલન છે. માયાળુ સ્વભાવ, સરલતા અને શાંતતા વાણીમાં છે. અને કદાચ શેઠ સાહેબ ભોગીલાલભાઇ કરતાં પણ વધી જાય ! વળી તેઓ કુળદીપક છે તે આપ સર્વ આ બધું જોઇ શકો છો.

હવે આપ સર્વેને સભાના ઉદેશો શું છે તે સંક્ષિપ્તમાં કહીશ. આ સભાના ત્રણ ઉદ્દેશો દેવગુરુભક્તિ, સાહિત્યપ્રકાશન પ્રચાર અને ઉદારતાપૂર્વક ભેટ, સાહિત્ય સેવક, ધર્મવીર, દાનવીર, કે ઉચ્ચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેળવણી પ્રાપ્ત કરેલ બ્હેન કે બંધુઓ વગેરેનો યોગ્ય સત્કાર કરવો એ છે. આવા સત્કાર સમારંભો તે ઉદ્દેશ પ્રમાણે આ સભા તરફથી થયાજ કરે છે.

કુ. ધૈર્યબાળા જ્યારે મેટ્રિક તેમજ બી. એ. માં પાસ થયા ત્યારે સભાની ઇચ્છા મેળાવડો કરી અભિનંદન આપવાની હતી પરંતુ તે સમયે તેમણે ના પાડેલ જેથી લિખિત મોકલેલ. આજે ઘણા જ આગ્રહ બાદ મેળાવડો કરી શકયા છીએ. ધૈર્યબાળા પહેલેથી જ તેજસ્વી વિદ્યાર્થીની છે. હવે તેઓ પી. એચ. ડીની ડીગ્રી પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બને અને પોતે મેળવેલી કેળવણીનો સમાજની બ્હેનો તેમજ બાળાઓને શિક્ષિત કરવા અંગે ઉપયોગ કરે એમ ભલામણ કરૂં છું.

જૈન શાસ્ત્રકારોએ સ્ત્રીની સમાનતા સ્વીકારી છે અને સ્ત્રી કેળવણીને જૈન ઇતિહાસ સાહિત્યમાં પણ મુખ્ય સ્થાન આપેલ છે, કારણ કે શાસ્ત્રોમાં પુરુષની જેમ સ્ત્રીઓ પણ મોક્ષ પામી શકે છે, આજે દેશમાં સ્ત્રીની સમાનતા અને કેળવણીની જરૂરિયાતનો જ્યારે નાદ સંભળાય છે ત્યાં અમારી જૈન સમાજમાં કેટલીક સંસ્થાઓ સ્ત્રીઓને તેમાં પ્રવેશવાની પણ ના પાડે છે આ સભાએ સ્ત્રી સમાનતાનું ધોરણ સ્વીકારી આ સભામાં બ્હેનોને સભ્ય તરીકે દાખલ કરેલ છે. એમ. એ. બી. એ. થયેલ બ્હેનો સભ્ય છે, અને માનવંતા પ્રમુખશ્રીના પૂજ્ય માતુશ્રી અને ધર્મપત્ની પણ સભ્ય છે વગેરેથી જ અમારી સમાજની કોઇ બ્હેન ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરે, ઉત્તીર્ણ થાય તેનો પણ સત્કાર યોગ્ય રીતે કરવો તે ઉદ્દેશને અનુસરી આજનો સત્કાર સમારંભ યોજ્યો છે.

ધૈર્યબાળા એમ. એ થયેલા છે એટલે સાહિત્ય વિષય પણ સમજી શકે તેથી સંક્ષિપ્તમાં સાહિત્ય પ્રકાશન સંબંધી કહેવું તે અસ્થાને નથી. આ સભા તરફથી હાલમાં ઉચ્ચ કોટીના સાહિત્યના ગ્રંથો શ્રી વસુદેવ હિંડી, સંઘપતિ ચરિત્ર વગેરે જૈન ઐતિહાસિક સાહિત્યના તેમજ બીજા આ સભાએ પ્રાકૃત-સંસ્કૃત મૂળ અને અનુવાદોના વિવિધ સાહિત્યના સુમારે બશેંહ ગ્રંથોનું પ્રકાશન કર્યું હતું. છેવટે ધૈર્યબાળા બ્હેનને જૈન સમાજની બ્હેનો તેમની જેમ ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરે, સંસ્કારી બને તે રીતે સમાજ-સેવા કરવાની જે તક આપને સાંપડી છે તે સેવા કરી ફરજ અદા કરે તેમ જણાવી પછી ધૈર્યબાળા બ્હેનનું દીર્ઘાયુ ઇચ્છી પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યું હતું.

બાદ શ્રીયુત **ભીમજીભાઈ** સુશીલે જણાવ્યું કે-સ્ત્રી કેળવણીનો સાચો ખ્યાલ તમને અત્યારે નહીં આવે. ગુજરાતમાં સૌ પ્રથમ સ્ત્રીકેળવણીનો પ્રચાર થયો ત્યારે સ્વ. કાબરાજી સ્ત્રીબોધ નામનું માસિક બહાર પડતા, અને તેના પર મુદ્રાલેખ રાખતા—

કહે નેપોલિયન દેશને કરવા આબાદાન
સરસ રીતે તો એજ કે, દો માતાને જ્ઞાન.

તે વખતે રાષ્ટ્રિય જીવન જેવું જ કાંઇ નહોતું તો રાજકીય જીવન તો હોય જ શાનું ? પરિષદો ભરાતી અને બહુ બહુ તો સરકારી ખાતામાં અમને પણ નોકરી આપો તેવી બેહુદી માગણીઓ થતી. તેવા સમયમાં સ્ત્રી કેળવણીનો પ્રચાર થયો અને તેના સામે વિરોધનાં વંટોળ ઊઠયા. વિરોધ ઊઠતાં તેટલું જ માત્ર નહિં પણ હાંસી પણ કરવામાં આવતી. આજે આટલાં વર્ષે યુગ પલટાયો છે અને આપણે સ્ત્રીકેળવણીના સન્માન કરવા જેવી સ્થિતિએ આવી પહોંચ્યાં છીએ

કુ. ધૈર્યબાળા બ્હેને પણ આપણા સમાજમાં ઉચ્ચ શિક્ષણની પહેલ કરી છે. તેમને સફળતા મળે તેમ ઇચ્છું છું.

કેળવણી લેવી એ જરૂરીયાતની વસ્તુ છે. કેળવણીનો અંત નથી. તમે એમ ધારતા હશો કે ધૈર્યબાળા બ્હેન આટલી કેળવણી લીધી એટલે તેમના માટે અભ્યાસ કરવાનો નહિં રહેતો હોય. કેળવણીનો અંતજ નથી. મારી મતલબ એ છે કે કેળવણીને મર્યાદા નથી. હવે બ્હેન ધૈર્યબાળા પોતાના વિષયમાં સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરો તેવા મારા આશીર્વાદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદ શ્રી **ચુની**લાલભાઇ શ્રી મહિલા વિદ્યાલયના હેડ માસ્તર તથા શ્રીમતી **ગૌરીબ્હેને** પ્રાસંગિક પ્રવચન કર્યા બાદ કુમારી શ્રીમતી **ધૈર્યબાળાએ** પોતાના સન્માન સમારંભનોં ઉત્તર આપતાં જણાવ્યું કે આજે તમે સૌએ મારૂં જે સન્માન કર્યું છે તે અત્યારે તો વધારે પડતું છે. ભવિષ્યમાં જે સેવાકાર્યની મારી પાસેથી અપેક્ષા રાખવામાં આવી છે તે યોગ્યતા અને શક્તિ માટે આગળથી જ પ્રશંસા કરીને એવો કર્ત્તવ્ય-ભાર મારી ઉપર મૂકવામાં આવ્યો છે કે જેથી હવે હું ઇચ્છું તો પણ એ કામમાંથી છૂટી ન શકું. સૌની સતત્ લાગણી, કદર અને અભિનંદન માટે આભાર માનું છું.

આજે આનંદનો દિવસ મનાવવો એ મને યોગ્ય નથી લાગતું. જૈન સમાજને માટે આનદનો દિવસ ત્યારે હશે જ્યારે ઘણી બધી બ્હેનો પોતાને અનુ-કૂળ એવા વિવિધ દેશોમાં વિકાશ કરીને સિદ્ધિઓ પ્રાપ્ત કરતી હશે, કે તેમને માટે આવા સમારંભો કરતાં થાકી જવાય. આજે આ પ્રકારનું સન્માન કરવું પડે છે એ તો જૈન સમાજમાં હજી શરૂઆત જ થાય છે તેનું ભાન કરાવે છે.

વળી એ માટે પણ જૈન સમાજ તરીકે ગૌરવ લઇ શકાય એવું સક્રિય કંઇજ પગલું જૈન સમાજે આજ સુધી લીધું નથી. એકાદ બે બ્હેનો આગળ વધી છે તે તો આ યુગના રાષ્ટ્રીય અને સામાજિક બળોનું પરિણામ છે. હું તો દૂર રહી છું પણ જે જૈન વિદ્યાર્થીનીઓ શહેરમાં વસે છે તેમને ઘણી ટીકાઓ સહન કરવી પડે છે. આ બધું બતાવે છે કે ગૌરવ લેવાનો દિવસ હજી દૂર છે.

પણ આ તો એક જૈન સંસ્થા છે. શ્રી આત્મા-રામજી મહારાજ જેવા સુધારક, કેળવણીપ્રિય મહા-પુરુષના નામ સાથે સંકળાયેલી આ સંસ્થા છે તેથી તેની પાસે હું કંઇક સક્રિય કાર્ય આ દિશામાં થાય એવી આશા રાખું છું.

આ સંસ્થામાં બ્હેનો પણ લાઇફ મેમ્બર ને આજીવન સભાસદ છે એ જાણીને મને ઘણો આનંદ થાય છે. અહીં ભેદ નથી રાખ્યો. મને ખાસ વિચાર આવે છે કે આપણે સંસ્થાના સભ્યો ભાઇઓ અને બ્હેનોની એક સભા બોલાવીને વિચાર તો કરીએ કે જૈન સમાજની બહેનો અભ્યાસમાં આગળ નથી વધતી તેની પાછળ શું કારણો છે? પણ હું ઇચ્છું કે વહેલી તકે એ વિચાર માટે સભા બોલાવીએ અને તે વખતે જો સંસ્થાને મારો ખપ હોય તો હું આવીને જરૂર મારા વિચારો રજૂ કરીશ.

મોટા ભાગની જૈન બ્હેનો થોડું તો ભણે છે કારણ કે એટલું ભણતર એ નવી ફેશનનું ઘરેણું મનાયું છે જે ન હોય તો દીકરીઓની શોભામાં થોડી ઊણપ રહે. જૈન વેપારી પ્રજા છે, પૈસાદાર છે, ઘરેણાથી દીકરીઓને શણગારવામાં આવે છે અને આટલી કેળવણી આપે છે તે પણ એ જ દૃષ્ટિ-એ આપતા હોય છે.

વધુમાં વધુ મેટ્રિક આગળ તો હદ આવી જાય છે. પછી તરત એ બહેનો પરણતી હોય છે એવું નથી તો પછી કેમ અટકી જાય છે એ વિચારવાની જરૂર છે.

હું તો નથી માનતી પણ જો સમાજને લાગતું હોય કે આ કેળવણી નીતિ રહિત અને સંસ્કાર રહિત કરે છે, અથવા સ્ત્રીજાતિને યોગ્ય અભ્યાસ-ક્રમ નથી અને નકામી વસ્તુઓ છે, તો જૈનોની નવા અભ્યાસક્રમવાળી એક જૈન સ્ત્રી યુનિવર્સિટી કેમ ન હોય! ખોટી દલીલો કરવાનું બંધ કરવું જોઇએ. શ્રી કર્વેને જ્યારે ખામી લાગી ત્યારે તેણે તેના સામાજિક આદર્શ પ્રમાણે સ્ત્રી શિક્ષણ માટે નવી વિદ્યાપીઠ કરી, તો જૈનોને એવું પણ નથી સૂઝતું. વિદ્યા અને જ્ઞાન માટે જો સાચે જ પ્રીતિ હોય, એક દૃષ્ટિ અને યોજના હોય તો જૈન સંસ્થાને પૈસાની ખોટ નહિ જ પડે. જૈનોએ મુન્શીજીની સંસ્થાઓ માટે પૈસા આપ્યા છે તો આપણને ન મળે?

શ્રી આત્મારામજી મહારાજે પંજાબ અને માર-વાડમાં જ્યાં ગામડાઓમાં ગુરૂભક્તિ ન હતી, જ્યાં દેવમંદિરોની સગવડ ન હતી ત્યાં ખૂબ પરિશ્રમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઇને એકલે હાથે પંજાબ અને મારવાડમાં દેવ–ગુરૂની ભકિત માટે સગવડ ઊભી કરી. કાઠિયાવાડમાં દેવમંદિરો પુરતાં છે. હવે તો સરસ્વતી મંદિરો કરીએ.

મહાવીરસ્વામીએ તો ક્રાંતિકારી ધર્મ પ્રવર્તાવ્યો છે, આત્મારામજી મહારાજ એવાજ ક્રાંતિકારી અનુયાયી હતા. આપણે તેમની એ દૃષ્ટિને અનુસરવાનું છે.

અન્ય ધર્મીઓ પાસે પશ્ચિમની રીતે દલીલો કરીને સ્ત્રીની સ્થિતિ વિષે કે કેળવણી વિષે સમજાવવું પડે. જૈન ધર્મમાં તો ઠેર ઠેર સ્ત્રી પુરૂષને સમાન શકિતવાળા ગણાવ્યા છે. કશો ભેદ કે પ્રતિબંધ નથી. કેવળજ્ઞાન અને મોક્ષ પણ પ્રાપ્ત સ્ત્રીઓને થઇ શકે છે. આપણા એક તીર્થંકર તો સ્ત્રી છે. અહીંયા જૈન પ્રાકૃત અને સંસ્કૃત ગ્રંથોના જાણકાર અભ્યાસીઓ છે તેમને આ સમજવામાં વિલંબ ન થવો જોઇએ.

જૈન દૃષ્ટિની આ વિશિષ્ટતાને લીધે જૈનોમાં નવી પેઢી અને જૂની પેઢી વચ્ચે આ બાબતમાં એકરાગતા શકય છે, જૈન સંસ્થા આ કાર્ય માટે સૌથી વધારે યોગ્ય છે.

આ સંસ્થા સંકુચિત જ્ઞાતિસંસ્થા નથી. વિશા શ્રીમાળી જ્ઞાતિમાંથી જ અથવા શ્વે. મૂર્તિપૂજક જૈન જ એના સભ્ય હોય એવું નથી ગમે તે જ્ઞાતિનો માણસ હોય અને જૈનના ગમે તે ફિરકાનો હોય તો પણ એક જૈન દૃષ્ટિનાં અનુયાયી તરીકે અહિં સૌ જોડાય છે એ દૃષ્ટિ બહુજ ઉદાર અને સુધારક છે. પછી ભલે તે અત્યારે ભૂલાઇ ગઇ હોય. એ દૃષ્ટિને ધ્યાનમાં રાખીને જ મેં આજે સન્માન સ્વીકાર્યું છે અને આ સંસ્થામાં મારી સેવા આપવાની તૈયારી બતાવી છે.

એવી સંસ્થા પાસે હું આશા રાખું છું કે એ સ્ત્રી–કેળવણીનું સન્માન કરવાની ભૂમિકાથી આગળ વધે અને એ સ્ત્રી કેળવણીને અપનાવે. એ માત્ર સમાજસુધારકનું કાર્ય જ નહિં પણ જૈન દૃષ્ટિની વિશાળતા વ્યકત કરવાનું કાર્ય છે એટલું બોલી આભાર માન્યો હતો.



**બાદ સભાપતિ શ્રી રમણિકલાલભાઇ ભોગીલાલ શેઠે** કહ્યું કે–આજની સભાનું પ્રમુખસ્થાન કોઇ પ્રૌઢ વિદ્વાનને અપાયું હોત તો વધુ ઉચિત ગણાત. મારી આટલી નાની વયમાં સભાપતિ તરીકેની જવાબદારી નાંખી તે માટે હું આપનો ઋણી છું. આવી યુવાન, વિદ્વાન સન્નારીનું સન્માન થાય તેવા પ્રસંગે હું આ સ્થાને હોવાથી મારા અહોભાગ્ય માનું છું.

કુ. ધૈર્યબાળા મેટ્રિકની પરીક્ષામાં ભાવનગર સેન્ટરમાં સૌથી પ્રથમ આવતા જસવંતસિંહજી સ્કોલરશીપ તેમને મળી હતી તેમજ તેમની કોલેજની કારકીર્દિમાં F. Y. Arts થી B. A. સુધીમાં હંમેશાં પ્રથમ વર્ગમાંજ ઉત્તીર્ણ થયા છે. બાદ તેઓ કોલેજમાં ફેલો તરીકે નીમાયા હતા. M. A. ની છેલ્લી પરીક્ષામાં અર્થ શાસ્ત્ર જેવા ગહન અને અટપટો વિષય લઇને પોતાના ગ્રુપમાં તેઓ બીજા વર્ગમાં પહેલા આવ્યા છે. એ વધારે ગૌરવની વાત છે. ભાવનગર શામળદાસ કોલેજના ૬૦ વર્ષના ઇતિહાસમાં ભાવનગરના વતની અને કોલેજના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યાર્થીની કુ. ધૈર્યબાળા અર્થશાસ્ત્રના અધ્યાપક તરીકે નીમાયા છે તે બદલ ધન્યવાદ આપું છું અને આ માટે આપણે સૌએ મગરૂર થવા જેવું છે.

કુ. ધૈર્યબાલાનો મને સીધો પરિચય નથી, પરંતુ મારા મિત્રો, તથા અન્ય કેટલાક વડિલો, જે એમના અભ્યાસમાં તથા ભવિષ્યમાં રસ લઇ રહ્યા છે તેમની વાતો પરથી મારા જાણવામાં આવ્યું છે કે, એમનું વિદ્યાર્થી જીવન, ઘણું સાદું, સરલ અને એકધારૂં વહ્યું છે. એમની અભ્યાસ માટેની ધગશ, ખરેખર પ્રશંસાપાત્ર છે. આજની ઊંચી કેળવણીની તથા સહશિક્ષણની પ્રથાની એક પણ ક્ષતિ, તેમને અડી શકી નથી. કોલેજની તથા ઇતર પ્રવૃત્તિઓમાં એ પોતાના ચારિત્રબળથી, અનોખી ભાત પાડતાં આવ્યાં છે. એમની નમ્રતા તથા સૌજન્ય, એમના ટૂંક પરિચયમાં આવનાર કોઇપણ વ્યક્તિને, માન ઉપજાવ્યા વિના રહે તેમ નથી. એમનો વિવેક, સંસ્કારિતા અને સુશીલતા કોઇનું સહેજે પણ ધ્યાન ખેંચે તેવા છે. દરેકનો સાથ સરખોજ હોય તો પ્રાણ આપી શકે તેવા પણ તેઓજ બની શકે તેમ છે પણ તે બધુંજ સંગઠનબળ–ઐક્યતા, પરસ્પરનાં સુંદર વાતાવરણોમાં હર્ષ અને ઊંડેઊંડે ધાર્મિક પ્રવૃત્તિઓ પ્રાણભૂત બની જાય તો તે કાર્ય તદ્દન સહેલાઇથી બની શકે તેમ છે.

લખવા બેસીએ તો પાનાં ભરાવા જ માંડે પણ તેથી સુજ્ઞ વાંચકવર્ગને કંટાળો નહિ આપતાં ભવિષ્યના વિચાર ઉપર રાખી દિશાસૂચન કરવું જ વ્યાજબી ગણું છું તો આ સંબંધમાં લખવા, બોલવા કે કાર્યદિશા તરફ પહોંચી વળવા માટે સુંદર વિચારક અને પ્રેરક મારા ઓ પૂ. આચાર્યપુંગવો ! ઓ પદવીધરો ! ઓ પૂ. મુનિવરો ! અગ્રગણ્ય નેતાઓ ! વડિલો ! અને લેખક બંધુઓ ! ઐક્યતા સાધી પરસ્પરનાં અંતરને દૂર ફગાવી, સાચી કર્ત્તવ્યદશાને લક્ષ્યમાં લઇ, જુદી જુદી જાતની ઉજાગરરદશામાંથી સચેત થાઓ એટલે જાગો અને મને પણ તે જ રાહે દોરો.

ચારિત્ર શીલ અને સંયમ એ શિક્ષિત સ્ત્રી સમાજના મૂળભૂત અંગો છે, તેથી સ્ત્રીની વિદ્યા વધારે શોભે છે. આપણામાંનાં કેટલાકને વધારે પડતી કેળવણી પ્રત્યે અને ખાસ કરીને સ્ત્રી કેળવણી પ્રત્યે થોડોઘણો, છૂપો છૂપો, અણગમો હોય છે, કારણ કે તેમાંનાં કેટલાકનું સકારણ એમ માનવું થાય છે કે, આજનું સહશિક્ષણ અને પાશ્ચાત્ય પદ્ધતિ ઉપર અપાતી કેળવણી, માણસને જાણે અજાણે, સ્વચ્છંદતા અને ઉચ્છૃંખલતા તરફ ઘસડી જાય છે, અને આવા વાતાવરણમાં ભણેલી સ્ત્રી, પોતાના સ્ત્રીસહજ ફરજોથી ઉન્મુખ થઇ, પાશ્ચાત્ય સંસ્કૃતિનું અંધ અનુકરણ કરી, પોતાના જીવનનું મૂલ્યાંકન, આપણા સમાજને અને સંસ્કૃતિને અનુકૂલ ન થાય તેવું કરે છે. ધૈર્યબાળા બહેનનો દાખલો, બહેનોને ઉચ્ચ કેળવણી લેવાનું પ્રોત્સાહન આપશે, એમ હું આશા રાખું છું. ખામી હોય તો તે કેળવણીની નથી, પરંતુ વ્યક્તિની સાચી કેળવણી તરફની ઉદાસીનતામાં છે. ધૈર્યબાળા બહેને પોતાની કેળવણી ખરેખર પચાવી છે. અને જે વિદ્યા પોતે સંપાદન કરી છે તે હવે પછીના અધ્યાપક તરીકેની જીવનમાં દીપાવશે એમ હું આશા રાખું છું.

નજીકના સ્વતંત્ર ભારતને આવી એક નહિ, પરંતુ અનેક વિદ્વાન સ્ત્રીઓની જરૂર રહેશે. આપણા દેશની આર્થિક પુનરચનામાં આવી અર્થશાસ્ત્રવિશારદ બહેનો, જરૂર પોતાનો સક્રિય અને કીંમતી ફાળો આપી શકે. સમાજ અને જ્ઞાતિઓની સંકુચિત પ્રણાલિકાઓમાંથી બહાર આવીને, બહેનોએ જીવનના દરેક ક્ષેત્રમાં, પોતાનો ફાળો આપવાનો છે. દેશનું ભાવી ખરી રીતે જુઓ તો સ્ત્રીઓના હાથમાં છે, અને તેઓ ધારે તેવું ઉજ્વલ એને ઘડી શકે તેમ છે.

અંતમાં કુ. ધૈર્યબાલાને ફરીથી મારા હાર્દિક અભિનંદન આપું છું અને તેમની ભવિષ્યની કારકીર્દી વધારે અને વધારે યશસ્વી અને ઉજ્વલ નીવડે એમ ઇચ્છું છું.

બાદ સભાના પ્રમુખશ્રી ગુલાબચંદભાઇ આણંદજીએ આમંત્રિત ભાઇઓ અને બ્હેનોનો આભાર માન્યા બાદ ફૂલહાર અર્પણ થયા પછી દુગ્ધ–પાનને ઇન્સાફ આપી મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગ થયેલાં માનવંતા લાઇફ મેમ્બરો.

શ્રી આત્માનંદ પ્રકાશના વૈશાક-જયેષ્ઠ માસના અંકોમાં જણાવ્યા પ્રમાણે અમારી નમ્ર સુચનાને માન આપી હાલમાં અપાતાં શ્રી સંઘપતિ ચરિત્ર, તથા મહાવીર યુગની મહાદેવીઓ (રૂા. ૧૦)ના ) બે ગ્રંથો રૂા. ૫૦) ના વધારાના આપી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો ઘણા બંધુઓ ( આત્મિક અને આર્થિક દૃષ્ટિનો લાભ વિચારી ઉત્સાહપૂર્વક થયા છે તેમને ભેટ અપાયેલી છે. તેના મુબારક નામો ગયા અંકમાં આપેલા છે. તે અંક છપાયા પછી અન્ય ઘણા ધર્મપ્રેમી બંધુઓ તે પ્રમાણે નવા પ્રથમ વર્ગના સભાસદો થયા છે તેનાં મુબારક નામો નીચે પ્રમાણે છે.

---

## બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગના થયેલા માનવંતા સભાસદો.

૧ શેઠ માણેકલાલ જેઠાલાલ
૨ શાહ છોટાલાલ નાથાલાલ
૩ " મંગળદાસ લલ્લુભાઇ
૪ શ્રીદશાપુરા આત્મારામજી જૈન પુસ્તકાલય
૫ ડગલી રતીલાલ હરગોવિંદદાસ M. A. L. L. B.
૬ શ્રી વેરાવળ જ્ઞાનવર્ધક સભા
૭ શ્રી ઝીંઝુવાડા ઉમેદ-ખાન્તિ જૈન જ્ઞાનમંદિર
૮ મ્હેતા બાબુલાલ ભગવાનજી
૯ શાહ માણેકચંદ પોપટલાલ
૧૦ " લક્ષ્મીચંદ ધરમચંદ
૧૧ મ્હેતા કાન્તિલાલ રતનચંદ
૧૨ શાહ વાડીલાલ શીવલાલ
૧૩ મ્હેતા નાગરદાસ પ્રાગજીભાઈ
૧૪ શેઠ ચત્રભજ ભગવાનદાસ
૧૫ દેશાઇ નરોત્તમદાસ ખીમચંદ
૧૬ શ્રી સાવરકુંડલા વિજયદાનસૂરી જ્ઞાનમંદિર, હા: દોસી જયંતિલાલ બેચરદાસ
૧૭ શ્રી કાન્તિલાલ સુરચંદ મ્હેતા
૧૮ શેઠ નાનાલાલ દીપચંદ
૧૯ શાહ હરીલાલ તારાચંદ
૨૦ ઝવેરી ધીરજલાલ હિરાચંદ
૨૧ શાહ જીવણલાલ ચુનીલાલ
૨૨ સંઘવી નગીનદાસ કરમચંદ
૨૩ " કેશવલાલ નાગજીભાઇ
૨૪ દોસી અમૃતલાલ કાળીદાસ
૨૫ પન્યાસશ્રી નયવિજયજી મહારાજ, હા: મણિયાર વૃજલાલ અમૃતલાલ
૨૬ શ્રી સાણંદ સાગરગચ્છ જ્ઞાન ભંડાર
૨૭ ઘડીયાલી ચીમનલાલ નરશીદાસ
૨૮ શાહ ફૂલચંદ શામજીભાઈ
૨૯ " ફૂલચંદ ખુશાલચંદ
૩૦ મ્હેતા પ્રતાપરાય અનોપચંદ
૩૧ શાહ ગુલાબચંદ ગફલભાઇ
૩૨ દોસી રાયચંદ કરમચંદ
૩૩ શાહ ત્રીકમલાલ મગનલાલ
૩૪ શેઠ ચુનીલાલ ગરબડદાસ
૩૫ કોઠારી ભીખાભાઇ ભુદરદાસ
૩૬ શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલ
૩૭ " ફુલચંદ ગુલાબચંદ
૩૮ શાહ શશીકાન્ત ત્રિભુવનદાસ
૩૯ શાહ નગીનદાસ હરજીવનદાસ
૪૦ " રમણલાલ જમનાદાસ
૪૧ એન. બી. ભાવસાર
૪૨ પ્રોફેસર સાહેબ ખીમચંદભાઇ ચાંપસી શાહ M. A.
૪૩ શાહ મણિલાલ નારણજી
૪૪ " ભુપતરાય નાથાલાલ
૪૫ " ગુલાબચંદ લલ્લુભાઇ
૪૬ " વિનયચંદ ગુલાબચંદ B. A.
૪૭ " હિંમતલાલ વલ્લભદાસ
૪૮ " હિરાચંદ હરગોવન
૪૯ " મણીલાલ મુલજી
૫૦ " બલવંતરાય ભાઇચંદ
૫૧ વોરા પરમાણંદદાસ નરોત્તમદાલ
૫૨ ભાવસાર હરિચંદ ત્રીભુવનદાસ
૫૩ શેઠ મનમોહનદાસ ગુલાબચંદ
૫૪ " શાંતિલાલ ગુલાબચંદ
૫૫ સલોત મોહનલાલ જગજીવન
૫૬ શેઠ ગુલાબચંદ દેવચંદ
૫૭ " હહિલાલ દેવચંદ
૫૮ " જમનાદાસ દેવચંદ
૫૯ શાહ ફત્તેહચંદ ઝવેરભાઇ
૬૦ " હિંમતલાલ ફત્તેહચંદ
૬૧ " ત્રિભુવનદાસ મેઘજીભાઇ
૬૨ " વિઠ્ઠલદાસ મૂલચંદ B.A.
૬૩ " ભાસ્કરરાય વિઠ્ઠલદાસ L. L. B.
૬૪ વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ B. A. L. L. B.
૬૫ શાહ કાન્તીલાલ લવજીભાઇ ટોપીવાલા
૬૬ વકીલ ચત્રભુજ જયચંદભાઇ L. L. B.
૬૭ દલાલ છગનલાલ ગોકળદાસ
૬૮ ડોકટર જસવંતરાય મૂલચંદ શાહ, M. B. B. S.
૬૯ શાહ કાન્તીલાલ મૂળચંદ

**બાકીના નામો હવે પછી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

### સુખશાતામાં બિરાજમાન છે.

ગુજરાનવાલા પંજાબમાં આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વર, સપરિવાર બિરાજમાન છે. આ શહેરમાં હુલ્લડ, તોફાન, બોમ્બ પડે છે. આપણા મંદિર, ઉપાશ્રય, વગેરે પણ ભયમાં હતા છતાં અધિષ્ઠાયક દેવની કૃપાથી સર્વ મુનિરાજ મંદિર વગેરે સહીસલામત છે. ગુરૂ મંદિર ઉપર બોમ્બ પડેલ જેથી બારી બારણાનો નાશ થયો છતાં લશ્કરની મદદ વડે બચી ગયેલ છે. આચાર્ય મહારાજ સપરિવાર સુખશાતામાં બિરાજમાન છે. ઠે૦ ગુજરાનવાળા પંજાબ.

૨. બહારગામના બીજા વર્ગના લાઈફ મેમ્બરોને રૂા. ૬–૧૪–૦ નું વી. પી. કરી ભેટના પુસ્તકો બે મોકલાઈ ગયેલ છે. જેમને ન મળ્યા હોય તેમણે પત્ર દ્વારા અમોને જણાવવું. ભેટ અને વેચાણમાં આ બે ગ્રંથો મોટી સંખ્યામાં જતા હોવાથી, ગ્રંથો જો સિલિકમાં નહિં રહે તો સભા શી રીતે ભેટ મોકલી શકશે; જેથી વિચારી બીજા શ્રાવણ વદી ૩૦ સુધીમાં બીજા વર્ગના સભાસદ બંધુઓએ ગમે તે નિર્ણય કરી ગ્રંથો મંગાવી લેવા નમ્ર સુચના છે.

### ૩. ભાવનગર સ્થાનિક સભ્યોને નમ્ર સુચના.

બીજા વર્ગના લાઇફ મેમ્બર બંધુઓએ આ સુચના વાંચી કાં તો પ્રથમ વર્ગ લાઈફ મેમ્બર થઇ લાભ લેવો, અથવા તો તે બંને ગ્રંથો (ધારા પ્રમાણે રૂા. ૬–૦–૦) આપી સભાએથી ભેટના લઈ જવા નમ્ર સુચના છે. ગમે તે નિર્ણય બીજા શ્રાવણ વદી ૩૦ સુધીમાં કરી લેવા સુચના છે. ઉપરની સર્વ હકીકત પણ વાંચી જવા તસ્દી લઈ યોગ્ય નિર્ણય કરી લેશો, પછી સિલિકે ન રહે તો ભેટના તે ગ્રંથો ભેટ આપવાનું બનવું અશક્ય છે.

### ૧. આ સભાના વાર્ષિક સભાસદોને નમ્ર સુચના.

વધતી જતી મોંઘવારીને લઇને, સભાનો વહીવટી ખર્ચ બધી બાબતોમાં વધેલો હોવાથી કેટલાક અસાધારણ સંયોગો વચ્ચે વાર્ષિક સભ્યની વાર્ષિક ફી, રૂા. ૩–૦–૦ ને બદલે રૂા. ૫) કરવામાં આવી છે. દર વર્ષના કારતક શુદ ૧ થી નવું વર્ષ શરૂ થાય છે. ગમે તે માસમાં લવાજમ ભરનારને તેજ વર્ષનું ભર્યું ગણવામાં આવશે. તેજ રીતે—

### ૨. શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને નમ્ર સુચના.

આઠ વર્ષથી સખ્ત મોંઘવારી દિન-પ્રતિદિન વધતી જતી હોવાથી આત્માનંદ પ્રકાશમાં દર વર્ષે મ્હોટી રકમનો તૂટો પડેલો હોવાથી (જેમ તે માટે ફંડ કર્યું નથી તેમ અત્યાર સુધી લવાજમ વધાર્યું નથી) તેને હવે પછીને માટે પહોંચી વળવા નિરૂપાયે માસિકનો રૂા. ૧–૮–૦ લવાજમને બદલે ૨૦૦૩ના શ્રાવણ શુદ ૧ વર્ષ ૪૫ પ્રથમ અંકથી) રૂા. ૩–૦–૦ (પોસ્ટેજ સહિત) લવાજમના કર્યા છે. અમારા માનવંતા ગ્રાહકો એ વસ્તુ સમજી અમારી નમ્ર સુચનાને માન આપી સહકાર આપશે જ.

### ૨ શ્રી શાંતિનાથ ચરિત્ર—શ્રી અજિતપ્રભસૂરિકૃત.

મૂળ ઉપરથી ગુજરાતી ભાષાંતર સુંદર–સરલ–વિવિધ કલરીંગ સચિત્રો સાથે, ઉંચા કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાય છે, પાકા બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવશે. દેવાધિદેવ શ્રી શાંતિનાથ પ્રભુના બાર ભવોનું અપૂર્વ સ્વરૂપ, અનેક બીજી અંતર્ગત કથાઓ, બાર વ્રત અને બીજા વિષયો ઉપરની દેશના, અનુકંપા(જીવદયા)નું અદ્દભૂત, અપૂર્વ, અનુપમ વૃત્તાંત આ ચરિત્રમાં આવેલ છે જે મનન કરવા જેવું છે. ઘણે ભાગે દીવાળી લગભગ પ્રકટ થશે. છપાય છે. રૂા. ૧૦૧) આપી પ્રથમ વર્ગના શ્રાવણ (૧) વદી ૩૦ સુધીમાં નવા થનારા લાઇફ મેમ્બરોને આ ભેટનો લાભ મળશે.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only